વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક

₹ 40

# સ્વરસેતુ

## ન્યૂઝ ડાયજેસ્ટ

એપ્રિલ, ૨૦૧૩



# કેમેરાની આંખે બિગ બી સાથે "ખુશ્બૂ ગુજરાત કી"

થોડી લિજ્જત... થોડા લહેકા... થોડી લટાર... ટહુકા ટેરેસના "સ્વરસેતુ" નો નવતર કાર્યક્રમ

વિશ્વરંગભૂમિ દિવસની ઉજવણી કરવામાં આવી

# સંપાદકનું સારેગમ

## આવનારા 'ગુજરાત ગૌરવ–દિન'ની ઉજવણીનો સંકલ્પ કંઈક આવો હોઈ શકે

વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક
સ્વરસેતુ
ન્યૂઝ ડાયજેસ્ટ

ઘણાં વર્ષો પહેલા 'આકાશવાણી' અમદાવાદ દ્વારા યોજાયેલી સંગીતસભામાં તે વખતના કેન્દ્ર નિયામક શ્રી મદનમોહન મનુજજી દ્વારા રચિત 'ભૂજા દાહિની ભારત કી, ગુજરાત કી માટી ચંદન'નું સ્વરાંકન કરી સમૂહસ્વરોમાં રજૂ કરવાનો મોકો મળ્યો હતો.

૧ લી મે–ગુજરાત ગૌરવ–દિનની ઉજવણી નજીકમાં થશે. એ વાત સ્મરણમાં આવતા જ આ પંક્તિઓ યાદ આવી. ભારતમાતાના જમણા હાથમાં દીવારૂપે ગુજરાત ઝળહળે છે. ગુજરાતનો ઔદ્યોગિક, રાજકીય તેમજ અન્ય રીતનો વિકાસ તો થયો જ છે પરંતુ એનો સાંસ્કૃતિક વિકાસ પણ અવગણી શકાય તેમ નથી. વિવિધ કલાક્ષેત્રનાં નામી–અનામી કલાકારો પોતાની સાધના વડે આ કેડી કંડારી રહ્યાં છે. ઘણાંબધા કલાકારો ગુજરાતની માટીની આ સુવાસ દેશભરમાં તેમજ પરદેશમાં પણ પ્રસરાવી રહ્યાં છે. અતિલોકપ્રિય અદાકાર અમિતાભજી ગુજરાત ટૂરિઝમનાં બ્રાંડ એમ્બેસેડર બન્યા છે અને 'ખુશ્બૂ ગુજરાત કી' ચોમેર પ્રસરાવી રહ્યાં છે.

મા, માતૃભૂમિ, માતૃભાષા તથા માતૃસંસ્થાનું ઋણ ક્યારેય ચૂકવી શકાતું નથી. દરેક વ્યક્તિના જીવનમાં એનું અદકેરું સ્થાન હોય છે. જે અમૂલ્ય પણ છે. તારીખ ૧લી મે, ૨૦૧૩ ગુજરાતના ૫૩માં સ્થાપનાદિનની ઉજવણી ઠેર–ઠેર થશે.

આવનારા 'ગુજરાત ગૌરવ–દિન'ની ઉજવણીનો સંકલ્પ કંઈક આવો હોઈ શકે.

- હું માતૃભાષાનું ગૌરવ કરીશ અને એના જતનકાર્યમાં ઉત્સાહપૂર્વક જોડાઇશ.
- સામેની વ્યક્તિ ગુજરાતી હોય ત્યારે સંવાદ ગુજરાતીમાં જ કરવાનો આગ્રહ રાખીશ.

આ તથા આવા અન્ય શુભ સંકલ્પો વડે આપણે સૌ સાથે મળી એક નવો ઈતિહાસ સર્જી શકીશું અને આવનારી પેઢી માટે સાંસ્કૃતિક વારસો જાળવી રાખીશું.

**- સૌમિલ મુનશી**



વર્ષઃ૨ / અંકઃ ૧૦ / એપ્રિલ–૧૩

તંત્રી અને સંપાદકઃ સૌમિલ મુનશી

પ્રકાશકઃ સૌમિલ મુનશી
શ્યામલ મુનશી

પરામર્શકઃ તુષાર શુક્લ

ડિઝાઈન કન્સેપ્ટસઃ
ઝીબ્રા આઈડીયાલેબ

તસવીર પરામર્શકઃ વિવેક દેસાઈ

વ્યવસ્થાઃ હાર્દિક જોશી

ઓફિસ એક્ઝિક્યુટિવઃ
મિરાત ભટ્ટ, જિંગીષા જાની

સહાયઃ ગોપાલ પઢિયાર

કાર્યાલયઃ સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન, અવિનાશ વ્યાસ ચોક,
(પંચવટી), એલિસબ્રિજ, અમદવાદ–૬
ફોન : (૦૭૯) ૨૬૫૬૧૮૩૪ - ૩૫

ઈ–મેઈલઃ
તંત્રીઃ saumilmunshi60@yahoo.co.in
પ્રકાશકઃ swarsetu@yahoo.com
swarsetu@shyamalsaumil.com

છૂટક મૂલ્યઃ ₹ ૪૦

વાર્ષિક લવાજમ ( વર્ષમાં ૧૨ અંક )
દેશમાંઃ ₹૩૦૦ ( પ્રતીક ટપાલ ખર્ચ સાથે)
વિદેશમાંઃ અમેરિકન ડોલર ૫૦
બ્રિટીશ પાઉન્ડ ૩૦
( દરેક દેશ માટે પ્રતીક ટપાલ ખર્ચ સાથે )

મુખપૃષ્ઠ તસવીરઃ ભાવેશ શુક્લ

( નોંધ : લવાજમની રકમ રોકડથી, ચેક, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી. મનીઓર્ડર કે ડ્રાફ્ટ વન્ડરવેવ્સ એન્ટરટેઈનમેન્ટ પ્રા. લિ. ના નામે લખવો.)

**Printed and Published by** SAUMIL PARESH MUNSHI on behalf of WONDER WAVES ENTERTAINMENT PVT. LTD. and **printed at** Sahitya Mudranalaya Pvt. Ltd., 55/14, City Mill compound, Kankaria Road, Ahmedabad - 380 022 and **published from** 707, Shitiratna, Avinash Vyas Chowk, Panchavati, Ellisbridge, Ahmedabad - 380 006. **Editor -** SAUMIL PARESH MUNSHI.

શણગાર,
જીવનભરના સાથનો.

WEDDING
COLLECTION



Since 1950
ab JEWELS
... આપનું ગર્વ!

એ બી જ્વેલ્સ્

સિદ્ધિવિનાયક કોમ્પ્લેક્સ, શિવરંજની ક્રોસ રોડ, ૧૩૨ ફૂટ રિંગ રોડ, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
ફોન: ૦૭૯-૨૬૭૪૨૫૨૫/૨૬/૨૭/૨૮
Website: www.abjewels.com • E-mail: benchmark@abjewels.com
Like us on f / abjewels

ડાયમંડ
પ્લેટિનમ • ગોલ્ડ • સિલ્વર
અમદાવાદનો સૌથી વિશાળ જ્વેલરી મૉલ

TRITON

## મૌલિકતા, પ્રાસ, શબ્દપ્રયોગો, ઢાળ, લય વગેરે માણવાની મજા આવી...

સ્નેહી ભાઈશ્રી શ્યામલભાઈ તથા સૌમિલભાઈ,

તમારી CD 'રજૂઆત' સાંભળવાની મજા આવી. મારી ગ્રહણશક્તિ પ્રમાણે વધારે તો મૌલિકતા, પ્રાસ, શબ્દપ્રયોગો, ઢાળ, લય વગેરે માણવાની મજા આવી. જીવન ઉપયોગી સંદેશાઓ પણ સાંભળવાની મજા આવી:

- નિસ્બત છે અમારે ધરતીથી...
- ...આકાશને દુશ્મન કોણ કરે?
- જીવન તો અધૂરું પુસ્તક છે, જીવનનું વિવેચન કોણ કરે!
- ચેતના, સંવેદના ને લાગણી તરફ
  આપણે પાછાં વળીએ આપણી તરફ
  છાવણી, તાપણી, કાપણી, વાવણી વગેરે પ્રાસની પણ મજા આવી
- વાગે વસંતમાં કાંટા તથા પાનખરમાં ફૂલોની સેજ મળે!– ખૂબ ગમ્યું.
- હું કદી ઉંચા સ્વરે બોલું નહીં... કોઈને કહેવું નથી એવું નથી...
  અહીંયા કહ્યા વગર કહી દેવાની અનુભૂતિ વ્યક્ત થાય છે...વાહ!
- કારોબાર, બારોબાર, ભારોભાર અને દોડતો મારોમાર ખૂબ સરસ પ્રાસ પ્રયોજ્યા છે.
- આ માણસ બરાબર નથી. પૈસાની જેમ જ લાગણીઓ પણ ગણે છે અને ઓછી પડે તો લડે પણ છે!
  બસ, પોતાને માટે જીવે છે અને મરે છે–ખૂબ સુંદર ગઝલ.
- પૂછ એને કે જે શતાયુ છે! કેટલું ક્યારે, ક્યાં જીવાયું છે!
  જટાયુ, શતાયુ, પ્રાણવાયુ–સુંદર પ્રાસ રચના
  એકને મન છે મનોરંજન તે બીજાને મન પ્રાણવાયુ!

તમારી સમગ્ર મંડળીનો તથા જે જે લોકોનો આમાં પ્રત્યક્ષ તથા પરોક્ષ સાથ–સહકાર રહેલ હોય તેવી તમામ વ્યક્તિનો ફરી એકવાર આભાર.

**પ્રફુલ્લ બકેરી, અમદાવાદ**

## 'ટહુકા ટેરેસના' ટહુકા હજી પડઘાય છે

મુંબઈ ખાતે ' ટહુકા ટેરેસના' કાર્યક્રમ બહુ સુંદર અને રસદાયક રહ્યો. રઈશભાઈ અને શ્યામલભાઈનું સંચાલન, નવોદિતોનો કંઠ, ગીતોની પસંદગી, શ્રોતાવર્ગનું INVOLVEMENT, મંચસજ્જા બધું ખૂબ જ રસપ્રદ, મનોરંજક, આકર્ષક રહ્યું. મુંબઈ જેવા ધમાલિયા અને ભોગવાદી શહેરમાં આપની આવી પ્રસ્તુતિની બહુ જ જરૂર છે. મુંબઈમાં ત્રીજા વર્ષમાં સફળતાપૂર્વક આપના પ્રવેશનું અભિવાદન! અંતાક્ષરી જેવી રમત દ્વારા પણ ગુજરાતી ભાષાની ગરિમા વધારીને આપે તો કમાલ કરી છે. ખૂબ ખૂબ ધન્યવાદ! તુષારભાઈની પરિણામલક્ષી ટકોર 'સૂરીલો સંઘર્ષ' પણ આવકારદાયક રહી.

**ડૉ. નિરંજના જોષી, મુંબઈ**

# કાર્યક્રમમાં વિશેષતા અને વિવિધતા એ 'સ્વરસેતુ'નો ટ્રેડમાર્ક બની ગયો છે

'રજૂઆત'ની રજૂઆત સમયે હાજર ન રહી શક્યાનો રંજ છેલ્લી ઘડી સુધી રહ્યો. આપને 'સિને એવોર્ડ્સ' મળ્યાની તથા ગઝલ સંગ્રહની રજૂઆત માટે ખૂબ-ખૂબ અભિનંદન.

આમ જોઈએ તો વિધાતાએ આપને બે એવોર્ડ સાથે જ આપ્યા છે. એક નમ્રતા અને બીજો વિવેક. જે બંને એવોર્ડ્સ આપ સાથે ચિરકાલીન રહેશે. જે આપના કલાકાર આત્માને વધુ સુંદરતા અને ગરિમા પ્રદાન કરે છે. જેનું મૂલ્ય ક્યારેય ઓછું નહીં થાય. આપ આવા વધુ ને વધુ માઈલસ્ટોન સર કરતા રહો એવી શુભેચ્છા અને શુભ અપેક્ષા.

આમ તો દર કાર્યક્મ પછીના આઠથી દસ દિવસ એ કાર્યક્રમનો આનંદ અને ઉત્સાહ રહેતા જ્યારે બાકીના દિવસો બીજા કાર્યક્રમની રાહ જોવાના ઈંતજારમાં... પણ આ વખતના કાર્યક્રમોની વણજાર... અમને તરબતર કરતી જ રહી... એ ન્યાયે વચ્ચેના મહિના દુકાળ જેવા અને પછીના ધોધમાર મુંબઈના વરસાદ જેવા રહ્યા... પણ મજા પડી. ઈંતજારમાં પણ અને સાહચર્યમાં પણ. કાર્યક્રમોમાં વિશેષતા અને વિવિધતા એ સ્વરસેતુનો ટ્રેડમાર્ક બની ગયો છે. અશરફ ડબાવાલા અને મધુમતી મહેતાના પુસ્તક વિમોચન પ્રસંગનો અંદાજ કંઈક અલગ જ હતો. એક પછી એક કવિ શ્રોતાઓને જોઈને નીરખી રહ્યાં હતા અને શ્રોતાઓ કવિઓને નીરખી- માણી રહ્યાં હતા ત્યારે સમય ઓછો પડ્યો હોય એમ લાગ્યું.

ફક્ત કવિઓના કાવ્યપઠનનો જ કાર્યક્રમ હોત તો કદાચ કવિઓ તથા શ્રોતાઓને પરસ્પર વધુ આનંદ આવત. તેના પછીના 'હું અને તું' કાર્યક્રમે તો પહેલાનાં બધાં જ રેકોર્ડ તોડી નાખ્યા જાણે! Again કાર્યક્રમની પોતાની એક અલગ મજા, અલગ અંદાજ, અલગ સુંદરતા હતી. ભાઈ જય વસાવડા તથા કાજલ-ઓઝા-વૈદ્યને એક મંચ ઉપર લાવવાનો આપનો અભિગમ અને સાંભળવાનો અમારો અનુભવ.. વાહ ક્યા બાત હૈ! બંનેનો પોતપોતાનો મિજાજ હતો. તમે અને અમે સૌએ મનભરીને માણ્યો એવી અનુભૂતિ થઈ.

ખરેખર! આપની નાવીન્ય શોધતી દષ્ટિને સો-સો સલામ! મુનશી પરિવાર તથા સકળ ટીમને અભિનંદન!!!

**વિરેન શેઠ, જીના શેઠ, અમદાવાદ**


# 'બાળકના ખિલખિલાટ હાસ્યમાં, માતાના ઝગમગતા ચહેરામાં હું પ્રેમ મહેસૂસ કરું છું'

## નિદા ફાઝલી



નંદિની ત્રિવેદી

૧૯૩૮ની ૧૨મી ઑક્ટોબરે દિલ્હીમાં જન્મેલા નિદા ફાઝલીએ શાળાજીવન ગ્વાલિયરમાં વિતાવ્યું હતું. એમના પિતા ઉર્દૂ કવિ. ભારત-પાકિસ્તાનના ભાગલા દરમિયાન મા-બાપ પાકિસ્તાન ગયાં ત્યારે નિદાએ ભારતમાં જ રહેવાનું નક્કી કર્યું. યુવા નિદા એક દિવસ હિન્દુ મંદિર પાસેથી પસાર થતા હતાં ત્યાં તેમણે સૂરદાસનું પદ સાંભળ્યું. એ પદમાં કૃષ્ણવિરહમાં રાધા કેટલાં દુઃખી હતા એની વાત એ પોતાની સખીઓને કહી રહ્યાં હતાં. પદના ભાવવાહી શબ્દો સાંભળીને નિદાનું હૃદય દ્રવી ઊઠ્યું. શબ્દોની તાકાત તેઓ પામી ગયા અને આ ઘટના પછી એમણે કવિતા લખવાનું શરૂ કર્યું. તેઓ મીરાં અને કબીરનાં પદોથી પ્રભાવિત થયા તો મીર અને ગાલિબની કવિતાના તત્ત્વને પણ તેમણે અપનાવ્યું. ટી.એસ. ઈલિયટ, ગોગોલ, એન્તન ચેખૉવ અને તાકાસાકીની કવિતાના અભ્યાસે તેમના જ્ઞાનની ક્ષિતિજો વિસ્તારી હતી. કાવ્યની નજાકત, ભાવ, સત્ત્વશીલતા અને શબ્દસંયોજનોને કારણે નિદા ફાઝલીની ગણના આજે ખ્યાતનામ હિન્દી-ઉર્દૂ કવિઓમાં થાય છે.



**મુખ્ય શોખઃ** બાળકો સાથે હસવું-રમવું, તેમને ચૉકલેટ-મીઠાઈ વહેંચવી અને દેશની ત્રણ ચતુર્થાંશ વસ્તીના દુઃખદર્દમાં શામેલ થવું એ મારો શોખ.

**પ્રિય સાહિત્યિક કૃતિઃ** મને વાંચવું ખૂબ ગમે છે, પરંતુ મારું મનપસંદ પુસ્તક તો મારે પોતે જ લખવું પડશે. કારણ કે, દરેક લેખકની આંખ પોતાની નજરથી બહારની દુનિયા બતાવે છે. મારે મારી પોતાની આંખથી જોયેલી દુનિયા જોવી છે, બતાવવી છે.

**પ્રિય લેખક-કવિઃ** ગુજરાતી, અંગ્રેજી, મરાઠી, હિન્દી દરેક ભાષાના ઘણા લેખક-કવિ ગમે

છે. એક નામ આપવું મુશ્કેલ, પણ અગાઉ મેં કહ્યું તેમ એમાંય બીજાની દૃષ્ટિથી હું દુનિયાને ઓળખું છું.

**પ્રિય સંગીત અને સંગીતકારઃ** જે મને માનસિક શાંતિ આપે, મારી રાતોને આરામ આપે, જિંદગીને પોતાને રસ્તે ચાલવામાં સહારો આપે તેવું કોઈપણ સંગીત મને ગમે. આર.ડી.બર્મન સૌથી પ્રિય અને ગઝલગાયકોમાં મહેંદી હસન અને જગજિત સિંહ.

**મનપસંદ ફિલ્મઃ** કોઈપણ ફિલ્મ જોઉં ત્યારે સારી લાગે પણ તરત જ પછી બીજી ફિલ્મ તરફ વળી જાઉં. મારો એક શેર છેઃ ઝિંદગી કા મુકદ્દર સફર દર સફર , આખરી સાંસ તક બેકરાર આદમી...!

**તમારે માટે સ્ટ્રેસ બસ્ટર શું ?** લેખન, કાં તો એકાદ શેર લખી નાખું અથવા ગઝલ.

**પ્રિય પ્રવાસસ્થળઃ** દરેક શહેર, દરેક આકાશ, દરેક ધરતી અને દરેક નદી-પર્વત કે સાગર દુનિયાભરમાં એક જેવા જ હોય છે, ફરક ફક્ત દોસ્તી, મુહોબ્બત, ઇન્સાનિયત અને શરાફતથી પડે છે. નેપોલિયને એકવાર એની પ્રેમિકાને કહ્યું હતું. "I Love France Because you are in France"

**તમારે માટે મનપંસદ સાંજ એટલે શું?** મારા જ ઘરમાં, મારા જ પુસ્તકોની દુનિયા સાથે હોઉં એ મારે માટે સર્વશ્રેષ્ઠ સાંજ હોય છે.

**મનપસંદ વાનગીઃ** પેટ ભરવા જે કંઈ મળે એ બધું જ પસંદ. પસંદ નાપસંદ એ મિડલ ક્લાસ-અપરમિડલ ક્લાસના માપદંડ છે. હું તો સામાન્ય માનવી છું અને આમઆદમીની કોઈ ચોઈસ નથી હોતી.

**કોઈ વાતનો ડર લાગે?** જ્યારે લોકો દાલ-રોટીને બદલે મંદિર-મસ્જિદની ચર્ચા કરે ત્યારે ભય લાગે છે. 'કૌન બતલાયે સભી અલ્લાહ કે કામોં મેં હૈ, કિસ તરફ ડાલે હુઈ રુખ્સત, કિધર આટા ગયા...!'

**પ્રેમ એટલે શું?** ખૂબ વિસ્તૃત-ફેલાયેલો શબ્દ છે આ. વૃક્ષનાં પાંદડાની સરસરાહટમાં, બાળકના ખિલખિલાટ હાસ્યમાં, માતાના ઝગમગતા ચહેરામાં, બહેનોની રણઝણતી ચૂડીઓમાં હું પ્રેમ મહેસૂસ કરું છું.

**જીવનસંગિની કેવી ગમે?** જીવનસાથી એક જરૂરિયાત છે. જરૂરિયાત અનિવાર્ય હોવાથી એમાં પસંદગી કરતાં સમાધાન વધારે આવે અને સમાધાન સમજી-વિચારીને થાય તેથી જીવનસાથી હોવાની બાબતને ગમવા ન ગમવા કરતાં હું કલ્ચરલ ડિસિપ્લીન કહીશ.

**તમારે માટે સૌથી મૂલ્યવાન જીવનમાં શું?** જીવંત-કાર્યરત દિમાગ, ધબકતું દિલ અને એક હસતી-ગાતી ખુશહાલ જિંદગી.

**કોઈ ખેદ?** હા, ભગવાને ઇન્સાનની સાથે શયતાનને પણ જન્મ આપ્યો અને આ શયતાનો ટુકડામાં વહેંચાઈને રાજકારણીઓમાં ગોઠવાઈ ગયા.

**પોતાની જાતની ટીકા કે વિવેચન કરો ?** દરરોજ, દિવસ-રાત, હું મહાત્મા બુદ્ધની જેમ વિચારું છું કે જિંદગી તબદીલી (પરિવર્તન)નું બીજું નામ છે અને સૌથી મોટી હકીકત છે કે, દરેક પરિવર્તન પણ પરિવર્તિત થાય છે.

**પુનર્જન્મ હોય તો શું બનવાનું પસંદ કરો?** માના હૃદય અને બાળકની મુસ્કુરાહટમાં પુનર્જીવિત થવાનું ઇચ્છું. ◻

## નિદા ફાઝલીના કેટલાક જાણીતા શેર



- અપના ગ઼મ લેકે કહીં ઔર ન જાયા જાયે
  ઘર મેં બિખરી હુઈ ચીજોં કો સજાયા જાયે...
- અપની મર્ઝી સે કહાં અપને સફર કે હમ હૈં
  રુખ઼ હવાઓં કા જિધર કા હૈ ઉધર કે હમ હૈં
- અબ ખુશી હૈ ન કોઈ દર્દ રુલાનેવાલા
  હમને અપના લિયા હર રંગ જમાનેવાલા
- દો ઔર દો કા જોડ હંમેશા ચાર કહાં હોતા હૈ?
  સોચ સમજનેવાલોં કો થોડી નાદાની દે મૌલા
- કભી કભી યૂં ભી હમને અપને જી કો બહલાયા હૈં
  જિન બાતોં કો ખુદ નહીં સમજે ઔરો કો સમજાયા હૈં
- જીવન કયા હૈ ચલતા ફિરતા એક ખિલૌના હૈ
  દો આંખોમેં એક સે હસના, એક સે રોના હૈ
- મૈં રોયા પરદેસ મેં ભિગા માં કા પ્યાર
  દુ:ખ ને દુ:ખ સે બાત કી બિન ચિઠ્ઠી બીન તાર..
- દુનિયા જિસે કહેતે હૈં જાદુ કા ખિલૌના હૈ
  મિલ જાયે તો મિટ્ટી હૈ ખો જાયે તો સોના હૈ

# ગ્રામોફોન ક્લબ: 'અભી તો મેં જવાન હું...'

ગુજરાતી સંસ્કૃતિની સુવાસ વિશ્વભરમાં પ્રસરેલી છે. તેના મૂળમાં આપણી કલાસંસ્થાઓ રહેલી છે. જે સતત આપણી અસ્મિતા અને સંસ્કૃતિને જાળવવાના પ્રયત્નો કરતી રહે છે. અહીં આપણી આવી જ કેટલીક સંસ્થાનો પરિચય કરીશું. જેમાં આ વખતે અમદાવાદની 'ગ્રામોફોન' ક્લબના કાર્યને નજીકથી જાણીએ...



હિન્દી ફિલ્મ જગતની જાણીતી હસ્તીઓ સતત ગ્રામોફોન ક્લબની મહેમાન બનતી રહે છે. અભિનેત્રી વહિદા રહેમાન સાથે ગ્રામોફોન ક્લબના સેક્રેટરી મિલન જોષી

છેલ્લાં કેટલાંક વર્ષોથી ગુજરાત ઘણી બાબતોમાં અગ્રેસર થતું જાય છે. મૂડીરોકાણ– ઓદ્યોગિક વિકાસ વગેરે તો ખરાં પરંતુ ગુજરાત મેડિકલ–હબ અને મ્યુઝિકલ હબ તરીકે ન બલ્કે ભારતમાં જ પરંતુ વિશ્વનાં ઘણાં દેશોમાં ખ્યાતિ મેળવી રહ્યું છે.

ગ્રામોફોન ક્લબની સ્થાપનાનો વિચાર અઢાર–ઓગણીસ વર્ષ પૂર્વે આવેલો. શિયાળાની કડકડતી ઠંડીમાં ગામલોકો તાપણાંને ફરતે ટોળું વળે તેમ ૧૨ થી ૧૫ જેટલા સંગીતપ્રેમીઓ ગ્રામોફોનનાં ભૂંગળાને ટોળું વળીને બેસી જતા. જુદી જુદી સ્પીડ અને સાઈઝના રેકોર્ડ આ ગ્રામોફોનમાં વાગે. પરંતુ ગ્રામોફોનની પિન ન મળે. મુંબઇથી ખાસ મંગાવવી પડે. રેકોર્ડો પણ મુશ્કેલીથી પ્રાપ્ત થાય. આ ૧૨ થી ૧૫ સંગીત ઘેલાઓને એકસાથે એવો પણ વિચાર આવ્યો કે માત્ર આપણે જ ઘરમાં બેસીને સંગીત સાંભળીએ એ કંઈ અજુગતું છે. અમદાવાદમાં બીજા ઘણાં સંગીત ચાહકો છે એ બધાંને પણ એક છત નીચે એકત્ર કરીને જુદા જુદા માધ્યમથી સંગીત સંભળાવીએ તો કેમ? આ વિચારમાંથી જન્મ થયો ગ્રામોફોન ક્લબનો.

પ્રથમ અને આજીવન પ્રમુખ શ્રી અરવિંદભાઈ દેસાઈની આગેવાની હેઠળ ગ્રામોફોન ક્લબની સ્થાપના ૧૯૯૬નાં અરસામાં થઈ. ફિલ્મ કે સંગીત ક્ષેત્રે જોડાયેલી દિગ્ગજ પ્રતિભાઓ જેવા કે, રવિજી, નૌશાદ સાહેબ, અનિલ વિશ્વાસજી, શમસાદ બેગમ, મીના કપૂરજી, 'સૂરસાગર' જગમોહનજી. સલિલ ચૌધરીના પત્ની સબિતા ચૌધરી અને પુત્રી અંતરા ચૌધરી, બિમલ રૉયના પુત્રી રિન્કી ભટ્ટાચાર્ય, પંકજ મલિકના પુત્રી અરૂણા લેખા ગુપ્તા, મજરૂહ સુલ્તાનપુરીના પુત્રી વગેરેએ ગ્રામોફોન ક્લબ, અમદાવાદના મહેમાન બન્યા હતા અને તેમની અંતરંગ વાતો શેર કરી હતી. સાથે ક્લબના સભ્યોના સવાલોના જવાબો પણ આપ્યા હતા. આ મહિને આશા પારેખ પણ ગ્રામોફોનના મહેમાન બનશે.

દેવઆનંદ સાથે અમદાવાદ આવવાની, કાર્યક્રમની રૂપરેખાની તમામ તૈયારીઓ થયેલી, તેઓ વિદેશનું શૂટિંગ પુરું કરીને આવવાનાં હતાં પરંતુ અચાનક જ તેમનું અવસાન થયું. ક્લબની ૧૭ વર્ષની સફરનો આ એકમાત્ર અફસોસ!!

નહિં નફો, નહિ નુકસાનનાં ધોરણે વહિવટ કરતી ગ્રામોફોન ક્લબ વર્ષમાં પાંચ

જેટલાં કાર્યક્રમો કરે છે. કાર્યક્રમની શરૂઆતમાં કોઈ દીપ પ્રાગટ્ય નહિ કે અર્ચન- આરતી નહીં; કાર્યક્રમની શરૂઆત થાય, મલ્લિકા પોખરાજનાં ગીતથી 'અભી તો મૈં જવાન હું.' આ ગીતની એક કડી, જાણે જાદુની છડી. મોટાભાગનાં વડીલ આવ્યા ને જાણે તાત્કાલિક કાયાકલ્પ થઈ જાય અને જેમ જેમ કાર્યક્રમ આગળ વધે તેમ તેમ સભ્યો તેમનાં ભૂતકાળમાં સરી પડે, ફરી તેમનાં જૂનાં સંસ્મરણો તાજા થાય, જવાની પાછી વળી જાય, એ દશ્ય નયનરમ્ય હોય છે.

આ એક એવી સંસ્થા છે જેનો ઉદ્દેશ માત્ર મનોરંજનનો નથી. મનોરંજનની સાથે સાથે માહિતી પણ છે. ગીતની વિશેષતા છે તો સાથે જે તે ગીતમાં સંગીતકારે ટાંચા સાધનોમાં પણ જે કમાલ કરી છે તેની કહાની પણ છે. ગીતકારનાં શબ્દોની કરામત છે અને ફિલ્મનાં નિર્દેશનમાં એ ગીતની માવજતની રસપ્રદ વાતો પણ છે. કાર્યક્રમ નિર્ધારીત સમયે શરૂ થાય અને મહત્તમ ગીતો અને માહિતી પણ આપે. ક્લબનાં તમામ કમિટી સભ્યો અવેતન-નિઃસ્વાર્થ ફરજો બજાવે. જેમાં વ્યવસાયમાં ગળાડૂબ એવા ડૉક્ટર્સ, વકિલ, ચાર્ટડ એકાઉન્ટન્ટ, બિઝનેસમેન તેમજ નોકરિયાતનો પણ સમાવેશ થાય છે.

ગ્રામોફોન ક્લબનાં પગલે અમદાવાદમાં આજે અંદાજે ૨૨ થી ૨૫ જેટલી ક્લબો કાર્યરત થઈ છે. ગ્રામોફોન ક્લબ બીજી સંસ્થાઓને-ક્લબોને પરાસ્ત કરવામાં નહિં પરંતુ પડખે રહેવામાં માને છે. સ્પર્ધા નહિ, સાથમાં માને છે. ગ્રામોફોન ક્લબ, કાર્યક્રમમાં એવી હાકલ કરે છે કે, અમદાવાદને જેટલી હોસ્પિટલોની, શાળા-કોલેજોની જરૂર છે. તેટલી જ જરૂર સંગીતની માવજત કરતી સંસ્થાઓની પણ છે. કારણ કે, આ નિર્દોષ પ્રવૃત્તિ હોવા ઉપરાંત સાચા



અરવિંદ દેસાઈઃ ગ્રામોફોન ક્લબના સ્થાપક

**ગ્રામોફોન ક્લબનાં પગલે અમદાવાદમાં આજે અંદાજે ૨૨ થી ૨૫ જેટલી ક્લબો કાર્યરત થઈ છે. ગ્રામોફોન ક્લબ બીજી સંસ્થાઓને-ક્લબોને પરાસ્ત કરવામાં નહિં પરંતુ પડખે રહેવામાં માને છે. સ્પર્ધા નહિ, સાથમાં માને છે. ગ્રામોફોન ક્લબ, કાર્યક્રમમાં એવી હાકલ કરે છે કે, અમદાવાદને જેટલી હોસ્પિટલોની, શાળા-કોલેજોની જરૂર છે. તેટલી જ જરૂર સંગીતની માવજત કરતી સંસ્થાઓની પણ છે.**

અર્થમાં સંગીતની સેવા છે. સૂર એ માત્ર સંગીતનાં સૂર નથી પરંતુ સૂર એ સંવાદિતા છે. સંવાદિતા પ્રત્યેક સંબંધોનો પ્રત્યેક તબક્કાનો પાયો છે. આમ આદમીનાં રોજીંદા જીવનમાં સૂર અને સંવાદિતા વણાયેલાં છે. સંગીત એકમાત્ર એવી જડીબુટ્ટી છે જે તમને માત્ર ત્રણથી ચાર મિનિટનાં ગીતમાં જ તમારો ભૂતકાળ, જીવનમાં ખાટાં-મીઠાં પ્રસંગો, તમારી જુવાનીની યાદો વચ્ચે તરતાં-વિહરતાં કરી શકે છે.

ગ્રામોફોમ ક્લબનું સૌથી નોંધપાત્ર પાસું હોય તો તે, તેમનાં સભ્યો મોટાભાગનાં તો વડીલો જ. સાચા સંગીતપ્રેમી અને સંગીતપારખું. શિસ્તબદ્ધ અને ભાવવિભોર થઈને કાર્યક્રમની મજા લે. પરિસ્થિતિનો સ્વીકાર કરે, સાચવી લે. એક કાર્યક્રમ દરમિયાન હૉલમાં લાઈટો ગઈ. સાંજે સાત વાગ્યાથી આવી ગયેલાં સભ્યો રાતનાં દસ વાગ્યા સુધી બેસી રહ્યાં. હોદ્દેદારો ચિંતાતુર થયા પણ સભ્યો એમને હિંમત અને આશ્વાસન આપતાં રહ્યાં. પ્રાર્થના કરતા રહ્યાં અને લાઈટો આવી, કાર્યક્રમ શરૂ થયો અને યાદગાર રહ્યો.

કાર્યક્રમની ગુણવત્તા અને વૈવિધ્ય સાથે ક્યારેય સમાધાન નહીં. ગ્રામોફોન ક્લબની ૧૭ વર્ષની સૂરીલી સફરમાં એક પણ કાર્યક્રમનું પુનરાવર્તન કરાયું નથી. શક્ય હોય ત્યાં સુધી ગીતનું પુનરાવર્તન પણ નથી કરવામાં આવતું. કોઈપણ પ્રકારની વાડાબંધી નથી. ગુજરાતી કવિ-સંગીતકારના કાર્યક્રમો પણ રાખવામાં આવે છે. દિલીપ ધોળકિયા, પુરુષોત્તમ ઉપાધ્યાય, અજીત મર્ચન્ટ, શ્યામલ-સૌમિલ-આરતી મુનશી, અમર ભટ્ટ વગેરેને ગ્રામોફોન ક્લબના સભ્યોએ આવકાર્યા અને લાગણી સાથે તાળીઓથી વધાવ્યા છે.

પ્રમુખ મહેશ શાહ, સેક્રેટરી મિલન જોષી, જે.ટી શાહ, જયાબેન શાહ, ડૉ. ચૈતન્ય નાગોરી, ગીતાબેન શાહ, ચંદ્રશેખર વૈદ્ય, મોનલ અનિલ ફડિયા અને પરેશ રાવલ- આ બધા કમિટી સભ્યો એકતરફ સંગીતની અને બીજી તરફ વડીલ સંગીતપ્રેમીઓની નિઃસ્વાર્થ સેવા કરી રહ્યા છે. તમામને ખૂબ ખૂબ અભિનંદન અને લાખ શુભેચ્છાઓ...


ગુજરાત 1st May સ્થાપના દિન

# કુછ દિન તો ગુજારો ગુજરાતમેં...

સદીના મહાનાયક અમિતાભ બચ્ચન જ્યારથી ગુજરાત ટૂરિઝમના બ્રાન્ડ એમ્બેસેડર બન્યા ત્યારથી ગુજરાતના પ્રવાસન સ્થળો નિહાળવાનું દેશ-વિદેશમાં લોકોમાં પણ આકર્ષણ વધ્યું છે. ૧લી મે ગુજરાત સ્થાપના દિન નજીક આવી રહ્યો છે. ત્યારે 'સ્વરસેતુ' તમને 'બિગ બી'ની આંખે ગુજરાતની ભવ્યતા અને ઐતિહાસિક વારસાનો સાક્ષાત્કાર કરાવવાનો પ્રયાસ કરે છે. આ માટે 'સ્વરસેતુ'એ ગુજરાત ટૂરિઝમની 'ખુશ્બૂ ગુજરાત કી' એડ કેમ્પેઈનમાં ગુજરાત ટૂરિઝમ વતી ખાસ નિમાયેલા ફોટોગ્રાફર **ભાવેશ શુક્લ**ને શોધી કાઢ્યા. ભાવેશભાઈએ 'બિગ બી'માં વસેલા ગુજરાત પ્રત્યેના પ્રેમ, અહોભાવ અને એક વ્યક્તિ તરીકે કઈ કઈ વિશેષતાઓ અનુભવી તે વિશે વિગતે વાત કરે છે... **દેવજ્ઞા જોષી**




યહાં કી હવામેં મુરલી કી મિઠાસ હૈ... મોક્ષ કા દ્વાર હૈ દ્વારકા...



ફોટોશૂટ ક્યાં કરશું? અમિતાભ બચ્ચન સાથે ભાવેશ શુકલ.

મને આ મોટા ગજાના કલાકાર સાથે ગુજરાત ટૂરિઝમ વતી સ્ટીલ ફોટોગ્રાફી કરવાની તક મળી તેનો આનંદ તો છે જ પરંતુ આ આખી સફર દરમિયાન મને બચ્ચનજી સાથે સામાજિક અને કૌટુંબિક ભાવનાનો પણ અહેસાસ થયો. તેમનામાંથી આપણે ઘણું અનુસરવા જેવું છે. તેમની સાથેના કામ પછી મારી માનસિકતામાં પણ કેટલાંક બદલાવ મેં અનુભવ્યા અને કર્યા પણ.



ભાવેશ શુકલ

મને બચ્ચનજીની ટીમ ભાવના સ્પર્શી ગઈ. સોમનાથ ખાતે અમારે શૂટિંગ માટે જવાનું હતું ત્યારે બંદર પર બે નંબરનું સિગ્નલ હતું. તેમજ ભારે પવનનો પણ ભય હતો. તેમ છતાં તેમણે કહ્યું કે, જો સોમનાથ ખાતે ગ્રામવાસીઓ રહેતાં હોય, મારી ટીમ પણ શૂટિંગ માટે તૈયાર છે તો હું પણ વાવાઝોડા જેવા વાતાવરણમાં શૂટિંગ કરવા માટે તૈયાર છું.

તેવી જ રીતે કચ્છની ૪૫ ડિગ્રી ગરમીમાં પણ તેઓ માથે છત્રી રાખીને શૂટિંગ કરી શક્યા હોત પરંતુ તેઓને યુનિટની જેમ ધોમધખતાં તાપમાં શેકાઈને જ શૂટિંગ કરવાનો આગ્રહ રાખ્યો.

દરેક ક્ષણે કામ એ જ બચ્ચનજી માટે પૂજા છે. આખી ટૂર દરમિયાન ક્યારેય પણ મેં તેમને મોબાઈલ પર વાત કરતાં કે પેન દ્વારા કાગળ પર લખતાં કે નોંધતા જોયા નથી. તેમના કામ પ્રત્યેના લગાવને કારણે જ તેઓ સોમનાથ દાદાના દર્શન જરૂર કરી શક્યા પરંતુ પૂજાઅર્ચના માટે સમય ન ફાળવી શક્યા.

સમય બચાવવાની વાત કહું તો ઘણી વખત તેઓ દૂર પોતાની વેનિટી વાનમાં ડ્રેસ ચેન્જ કરવાને બદલે અમે ફોટોગ્રાફર માટે ઊભા કરેલા સ્ટુડિયોમાં જ કપડા બદલાવી સમય બચાવવા સાથે પોતાની સહજતાનાં પણ દર્શન કરાવતાં.

ફોટોગ્રાફીનું ટૅક્નિકલ નોલેજ પણ બચ્ચનજીને પૂરેપૂરું છે. શૂટિંગ લોકેશન પર ઊભા કરવામાં આવેલા સ્ટુડિયોને જોઈને તેઓ તરત બોલી ઉઠ્યા હતા અરે વાહ! અત્યાધુનિક સાધનોથી મારી ફોટોગ્રાફી થવાની છે. તેનો મને આનંદ છે. કેટલીક ટૅક્નિકલ બાબતોની માહિતી અને જાણકારી પણ તેઓ પૂછતાં રહેતાં. બચ્ચનજીને પોતાને પણ ફોટા પાડવાનો ઘણો શોખ છે. ઘણીવાર તેઓ ફોટો પાડી અને બતાવતાં પણ ખરાં કે મેં આ પ્રકારના લેન્સથી આ તસવીર પાડી છે, બરોબર છે ને... ભાઈ.

ભારતીય સિનેમામાં જે સ્થાન અમિતાભ બચ્ચનનું છે, એ જ સ્થાન ભારતીય એડવર્ટાઈઝિંગમાં પીયૂષ પાંડેનું છે. ફેવિકોલ, કેડબરી અને વોડાફોનની ઝૂઝૂ જેવા અનેક ઍડ કેમ્પેઈનના સર્જક પીયૂષ પાંડેએ જ 'ખુશ્બૂ ગુજરાત કી' એડ સિરીઝનું દિગ્દર્શન કર્યું છે. તેમના જ શબ્દોમાં કહું તો 'બચ્ચનજી એક આલા દરજ્જાના અદાકાર છે, પણ એથી પણ ઉમદા ઈન્સાન છે.' પંરતુ કામની વાત આવે ત્યારે નો કોમ્પ્રોમાઈઝ, જ્યાં સુધી તેઓ કન્વિન્સ ન થાય ત્યાં સુધી આગળ ધપી શકાય. તેમની સાથે તમારે રોજ રોજ નવા ચેલેન્જિસ માટે તૈયાર રહેવું પડે. દરઅસલ, બચ્ચનજી મલ્ટિટેલેન્ટેડ માણસ છે. એમને ડિફાઈન કરવા બેસું તો એક દળદાર પુસ્તક થાય. તેઓ કોઈ પણ જાતનું સ્ટારડમ વચ્ચે લાવ્યા વિના દરેક વ્યક્તિ સાથે સહજ રીતે હસી-મજાક કરી લે છે. નવા માણસ સાથે કામ કરવામાં પણ તેમને ક્યારેય સંકોચ નડતો નથી.' **(ફોટોગ્રાફર ભાવેશ શુકલ સાથે દેવજ્ઞા જોષીએ કરેલી વાતચીતના આધારે)**

# જય જય અંબે...






માનવી હોય કે માતાજી બચ્ચનજી હંમેશા નતમસ્તક જ હોય. શ્રદ્ધા હોય કે સ્વભાવ ક્યાંય તેમનામાં અભાવ જોવા ન મળે. દ્વારકામાં તેમણે ભગવાન કૃષ્ણની રાસલીલા અનુભવી તો અંબાજીમાં મા અંબાની આરતીના ઘંટારવ વચ્ચે સદીનો આ મહાનાયક એક આમ આદમીની જેમ આમ આદમીની વચ્ચે આરતી વંદનામાં ખોવાઈ ગયા છે. કામ હોય કે ભક્તિ શ્રદ્ધાપૂર્વક તેમાં ખોવાઈ જઈએ તોજ કંઈક પામવા મળે છે. આ ભાવ અને ગુણ પણ બચ્ચનજીમાંથી ભારોભાર અપનાવવા જેવો નથી લાગતો!...

# ચાંદની રાત જૈસી યે સફેદ ધરતી, યું લગતા હૈ જૈસે ચાંદ જમી પર ઉતર આયા




કચ્છના રણની ૪૫ ડિગ્રી ગરમીમાં પણ માથે છત્રી રાખ્યા વગર સતત શૂટિંગ આ મહાનાયક કરતા રહ્યાં. તેમ છતાં થાકનું ક્યાંય નામોનિશાન ન હતું. પતંગની જેમ તેમનો ઉત્સાહ પણ આસમાને વિહરતો જોઈ શકાય છે!





રણ હોય કે રોડ, છકડો હોય કે બુલેટ, ટ્રેક્ટરથી લઈને ટ્રક સુધીના વાહનો કોઈની પણ મદદ વગર બચ્ચનજી સરળતાથી અને સહજભાવે ચલાવી શકે છે.



# ખુશ્બૂ ગુજરાત કી

સમગ્ર શૂટિંગ દરમિયાન ભાગ્યેજ બચ્ચનજીને રિહર્સલ કે સીનને રીટેક કરવાની જરૂર પડી હતી. કચ્છના રણમાં ઊંટ સાથેના તેમના સીનની વાત કરીએ તો, દોઢ કલાક શૂટિંગ ચાલ્યું હતું. ત્યારબાદ બચ્ચનજી ઊંટને એકીટશે જોતા રહ્યાં. ઊંટનો માલિક દોરીથી પકડી ઊંટને લઈ જતો હતો. થોડે દૂર ઊંટ પહોંચ્યું હશે ત્યાં જ ઊંટે પાછું વળીને જોયું અને બચ્ચનજી તરફ પાછું ફરવા માલિકને ઈશારો કરવા લાગ્યું. ઊંટનો માલિક સમજી ગયો, એક નજરે ઊંટને જોઈ રહેલા બચ્ચનજી તરફ ઊંટને લઈને પાછો ફર્યો. આમ, બચ્ચનનો કરિશ્મા માત્ર લોકોના દિલોદિમાગમાં જ નથી છવાયેલો. તેના હેતાળ અભિગમથી પ્રાણીઓ પણ તેમના પર પ્રેમ વરસાવતા હોય તેવું દશ્ય કચ્છના સુકાભઠ્ઠ રણમાં જોવા મળ્યું!






કચ્છની પ્રકૃતિ, સંસ્કૃતિ અને રહેણીકરણીમાં જ કંઈક અનોખી મહેક છે. કુદરતી કઠણાઈઓને અહીંના લોકો દિલ પર નથી લેતા... પરંતુ, દિલથી જીવનને વધુને વધુ સુંદર કેમ બનાવવું તેને નજરે નિહાળીને બિગ બીનું મન પણ બાગબાગ થઈ ગયું.

# ગુજરાત કી આંખો કા તારા સાપુતારા




સાપુતારામાં નાંગલીની રોટલી, લીલા વાંસનું શાક અને મરચાની ચટણીનું ભોજન બચ્ચનજીને દાઢે વળગ્યું. પૂરેપૂરું થાળીનું ભોજન પળવારમાં જ સફાચટ કરી ગયા. આ આદિવાસી રેસિપીને પેટ ભરીને ખાધાં પછી વખાણ પણ કર્યાં. સાપુતારાનું સૌંદર્ય જોઈને કોને કેમેરો ક્લિક કરવાનું મન ન થાય? સમગ્ર સફર દરમિયાન બચ્ચનજીને ફોટા પાડવાનો શોખ પણ જોવા મળ્યો. એટલું જ નહીં ફોટા પાડીને પાછા બતાવે પણ ખરા અને પૂછે કે મેં આ લેન્સથી તસવીર પાડી છે, બરોબર આવી છે ને ભાઈ!






# રોજ સૂર્ય સ્વયં અહીં આવે છે




મોઢેરાનાં સૂર્યમંદિરની ભવ્યતા અને ઇતિહાસ બચ્ચનજીને સ્પર્શી ગયા.



વડનગરના કિર્તીતોરણની બાંધણી જોઇને બિગ બી આશ્ચર્યમાં પડી ગયા.




કૂવો ઊંડો હોય તે તો સાંભળ્યું છે, પણ કૂવો ઊંચો હોય તે આજે પહેલીવાર જોયું. પાટણની ઐતિહાસિક રાણકીવાવની બાંધણી અને શિલ્પસ્થાપત્યના વૈભવમાં બચ્ચનજી રીતસરના ખોવાઈ ગયા.




# સોરઠની સફર...


કેસર કેરીના પ્રદેશ સાસણ–ગીર ખાતે કેસરી સિંહોને જોઈને બચ્ચનજીના રૂંવાડા ખડા થઈ ગયા હતા. બોલિવુડના 'શેર' બચ્ચન અને એશિયાટિક લાયનના મિલનનો પ્રસંગ ખરેખર અદ્‌ભુત હતો. સિંહને જોયા પછી બચ્ચનજીએ કહ્યું હતું કે, ભલે લોકો મને જે કંઈ સમજતા હોય પરંતુ આ સિહંને નજરો નજર નિહાળ્યાં ત્યારે મારા શરીરમાંથી પણ એક લખલખું પસાર થઈ ગયું હોય તેવું અનુભવ્યું. ડર શું ચીજ છે તેનો પણ નજીકથી અનુભવ થયો.



તમામ તસવીરો : ભાવેશ શુક્લ

યુદ્ધ નહીં આ તો શાંતિનો પ્રદેશ છે.






હરિ–હરની ભૂમિમાં ઊભા હોય ત્યારે વાવાઝોડાથી શું ડરવાનું? સોમનાથ ખાતે શૂટિંગ વખતે વાવાઝોડાનો ભય હતો તેમ છતાં બચ્ચનજીએ શૂટિંગ ચાલુ રખાવ્યું હતું અને કહ્યું હતું કે, જે આખા યુનિટનું થશે તે મારું થશે. મારા એકલા માટે કામ અટકાવવાની જરૂર નથી.



જૂનાગઢની બૌદ્ધ ગુફામાં શાંતિનો અહેસાસ કરતાં બિગ બી.





▲ રાજેશ વ્યાસ 'મિસ્કીન'

# જીવન-મુક્ત લાકડી...

ઘણા વખતથી મારી ગઝલોમાં, મારા જીવનમાં કોઈપણ બહેન કે કોઈ પણ દીકરી માટે એક 'લાકડી' નામનો શબ્દ આવે છે. આવી તમામ 'લાકડીઓને' પ્રેમ અને શ્રદ્ધાપૂર્વક આ ગઝલ અર્પણ કરું છું.



જેટલી ચુપચાપ એ મૃત્યુ તરફ જાતી હતી,
એટલી હસતી રહીને એ ભજન ગાતી હતી.

કોઈ જોતું હોય ના ત્યારે જુએ દર્પણ મહી,
જાતમાં ઊભી સજી શણગાર દેખાતી હતી

ક્યાં વખત જેવું હતું જીવાય કૈં મરજી મુજબ,
પેટ ભરવા પેટના પાટેય બંધાતી હતી.

ભલભલાની આંખ ભીંજાઈ જતી જે સાંભળી,
એ જ વાતો પર એ હસતી ખૂબ દેખાતી હતી,

ખૂબ અજવાળું બધાને આપતીતી હરપળે,
જાણતીતી માત્ર એ પોતે જ, બુઝાતી હતી.

– રાજેશ વ્યાસ 'મિસ્કીન'

આજે મને એના મૃત્યુનો અણસાર આવી ગયો. કરોડરજ્જુના પ્રત્યેક મણકાને મેડિકલની ભાષામાં એક નામ આપેલું છે. એક પછી એક તે મણકાઓનાં નામ બોલતી ગઈ અને તેના શરીરના અંગેઅંગમાં પીડા કેવી પ્રસરી રહી છે તે કહેતી ગઈ. તેણે મને પ્રત્યેક મણકામાં કેવું દર્દ છે તેનો પરિચય આપ્યો. અને હું તે વાતોના અજવાળે એનું મૃત્યુ કેટલી ઝડપે તેના તરફ આગળ વધી રહ્યું છે તે જોતો રહ્યો.

આમ તો તે મારી કંઈ જ સગી નથી થતી. તેનો પહેલો પ્રેમી એલેક્સ અને બીજો પ્રેમી અને પતિ એલેક્ઝાન્ડર ક્યાં ક્યાંથી તેની જિંદગીને કેવી સળગાવી ગયા છે તે વાત તેણે જ્યારે મને કહી ત્યારે હું ચોંકી ઊઠ્યો હતો. હું તેનો કંઈ જ સગો નથી થતો. મરીઝનો શેર યાદ આવે છે.

**દેખીતી રીતે જ્યાં કશો સંબંધ પણ નથી,**
**ત્યાં પણ ન જાણે કેમ મને દર્દ થાય છે.**

હું તેનો પ્રેમી કે કોઈ મિત્ર નથી તેણે તેનું હૃદય ખોલવા માટે મને કેમ પસંદ કર્યો છે તે પણ ખબર નથી. તે અત્યંત ગરીબીમાં ખુમારીથી, પોતાના જ્ઞાનના સહારે સાવ એકલી જીવી રહી છે. તેણે જ્યારે કહ્યું કે તમારા જેવા કવિઓ સત્યને જાણી શકતા હોય છે ત્યારે મને જીવનમાં પહેલી વાર કવિ હોવાનું ગૌરવ લાગ્યું હતું. તેને માટે હું એક આદરણીય સારો કવિ છું એથી વિશેષ કંઈ જ નહીં. મારે માટે તે મેં જોયેલા અસંખ્ય, ચહેરાઓમાંની એક છે. એથી વિશેષ કંઈ જ નહીં. છતાં આજે આટલું જાગીને આ બધું લખાઈ રહ્યું છે.

જો બહુ દૂરથી તેની જિંદગીને જોઈ છે. મૃત્યુ તરફ તે સદાય સતત આગળ વધતી રહી છે. બુઝાતો દીવો ખૂબ અજવાળું આપે. વધારે અજવાળું આપે. એ સાંભળેલા સત્યની



જેમ મેં એને આસપાસના લોકોને વધુ ને વધુ અજવાળું આપતી જોઈ છે. આસપાસના લોકોના જીવનમાં પ્રેમ, પ્રેરણા ને હિંમત પ્રગટાવતી જોઈ છે. તેના સહારામાં માત્ર પ્રેમ અને શ્રદ્ધા હતાં. બે હાથ, તેના બે પગ, તેની બે આંખો એટલે પ્રેમ અને શ્રદ્ધા.

તેના જીવનમાં જેમ જેમ બુઝાવાની ક્ષણો નજીક આવતી ગઈ તેમ તેમ તે વધુ ને વધુ અજવાળુ આપતી ગઈ. માત્ર તે જ જાણતી હતી કે મૃત્યુ તરફ ખૂબ ઝડપથી આગળ વધી રહી છે. કોઈને ખબર નહોતી કે પ્રેમ, શ્રદ્ધા અને હિંમતની વાત કરનારી અંદર

> **માત્ર એકવાર મેં તેની અદ્‌ભુત સાદગી માટે પ્રશંસા કરી હતી. અને ત્યારે એક ક્ષણ માટે મેં તેને તેનામાં કોક ખૂણે સોળ શણગાર સજીને ઊભેલી જોઈ હતી. તેની જિંદગીની જિવાયેલી અને ન લખાયેલી વાર્તા જાણે અચાનક વંચાઈ ગઈ હતી.**

ને અંદર સતત ઝઝૂમી રહી છે, મૃત્યુ સામે.

એકવાર, માત્ર એકવાર મેં તેની અદ્‌ભુત સાદગી માટે પ્રશંસા કરી હતી. અને ત્યારે એક ક્ષણ માટે મેં તેને તેનામાં કોક ખૂણે સોળ શણગાર સજીને ઊભેલી જોઈ હતી. તેની જિંદગીની જિવાયેલી અને ન લખાયેલી વાર્તા જાણે અચાનક વંચાઈ ગઈ હતી. તેની આર્થિક સ્થિતિ વિષે વાત કરું તો ઘોર ગરીબી. વર્ષો પહેલાં તેણે તેના લગ્ન વખતે ખરીદેલી ચાદર અને ખરીદેલાં ઓશિકાઓનાં ગલેફ હજી પણ રંગ ઊડી ગયેલી હાલતમાં તે પાથરતી રહે છે. બેડ–શીટ પાથરતી રહે છે.

શનિવાર હોય કે રવિવાર ઘરમાં નિરાંતે બેસીને થોડુંક નિરાંતે જીવી લે તેવો તેની પાસે ટાઇમ જ નથી, વખત જ નથી. બે ટંકનું પેટ ભરવા માટે પેટ ઉપર પાટા બાંધીને જીવી જતી જોઈ છે. પોતાની જાતને જ પાટાની જેમ બાંધતી મેં તેને જોઈ છે અને એ ક્ષણે એ જ ખુમારીને એ જ ખુદ્દારી કે કોઈની મદદ ન લેવી.

માત્ર પ્રેમ અને શ્રદ્ધા ખાતર જીવનારી સતત ઈશ્વરને પ્રાર્થનાઓ કરીને પોતાને જીવતી રાખનારી આ 'લાકડીને' મેં ક્યારેક ખડખડાટ હસતી જોઈ છે. જે વાત સાંભળીને ભલભલાની આંખ ભિંજાઈ જતી હોય છે એ વાત સાંભળીને મેં એને ખડખડાટ હસી પડતી જોઈ છે. ન જાણે કેવાં કડવાં સત્યો એ જીવી ગઈ હશે, જીવતી હશે ? એક ગઝલકાર તરીકે, એક દૃષ્ટા તરીકે આમાંથી પસાર થઉં છું ત્યારે હચમચી જઉં છું અને કોઈ ગઝલ સર્જાઈ જાય છે. ઘણા વખતથી મારી ગઝલોમાં, મારા જીવનમાં કોઈપણ બહેન કે કોઈ પણ દીકરી માટે એક 'લાકડી' નામનો શબ્દ આવે છે. આવી તમામ 'લાકડીઓને' પ્રેમ અને શ્રદ્ધાપૂર્વક આ ગઝલ અર્પણ કરું છું. ▫



બિજોય શિવરામ

# ઓડિસી અને મણિપુરી નૃત્ય



ઓડિસીનું માર્ગમ ભૂમિપ્રણામથી શરૂ કરવામાં આવે છે. જેમાં વિઘ્નહર્તા શ્રી ગણેશ ઉપર નૃત્ય કરાય છે. સુંદર આકર્ષક રચનાઓ આ શૈલીમાં જોવા મળે છે. જેમાં ભાનમુરલીદાસ અને ઉપેન્દ્રભાંજની સુંદર અને મધુર રચના સ્વરપલ્લવીનો સમાવેશ થાય છે. પલ્લવીમાં સુંદર રાગો જેવા કે, શંકરાભરણમ અને કામબોજીનો સમાવેશ થાય છે. બીજી મુખ્ય રચના ઓડિસી શૈલીમાં છે. જયદેવનું ગીતગોવિંદ અને પૂર્ણાહુતિ રચના આ શૈલીનું મોક્ષ નૃત્ય છે.

ઓડિસીમાં વિવિધ હસ્તમુદ્રાઓનો પ્રયોગ થાય છે, જે મુખ્યત્વે 'અભિનય દર્પણમાંથી' લેવાયેલ છે. આ ઉપરાંત 'અભિનય ચંદ્રિકા'માંથી પણ લેવાયેલ છે. ભરતનાટ્યમ્ અને કથકલીની જેમ ઓડિસી શૈલીમાં પણ હસ્તમુદ્રાઓનો બહોળો પ્રયોગ થાય છે. આભૂષણ અને વેશભૂષા ભરતનાટ્યમ્ સાથે સમાનતા ધરાવે છે પણ આ શૈલીમાં આભૂષણ ચાંદીના હોય છે.

મણિપુરી નૃત્ય પૂર્વ ભારતનાં મણિપુર રાજ્યમાંથી ઉદ્‌ભવેલ છે. મણિપુરી નૃત્યશૈલી એ બીજી બધી શૈલીઓ કરતાં અલગ પડે છે. મણિપુરી શૈલીની અંગભંગીમાઓ ખૂબ જ સરળ અને લાવણ્યમય હોય છે છતાં તેમાં તાંડવ અને લાસ્યની લાક્ષણિકતાઓ સહજરૂપે જોવા મળે છે. આમાં બંગાળી અને મણિપુરી ભાષાઓનો સમાવેશ થાય છે.

**મણિપુરી નૃત્યશૈલી એ બીજી બધી શૈલીઓ કરતાં અલગ પડે છે. મણિપુરી શૈલીની અંગભંગીમાઓ ખૂબ જ સરળ અને લાવણ્યમય હોય છે છતાં તાંડવ અને લાસ્યની લાક્ષણિકતાઓ સહજરૂપે જોવા મળે છે. આમાં બંગાળી અને મણિપુરી ભાષાઓનો સમાવેશ થાય છે.**

આમાં જયદેવ, વિદ્યાપતિ, ચંડીદાસ અને ઘણા મણિપુરી કવિઓના પદ લેવામાં આવે છે. મણિપુરી નૃત્ય એકલા અથવા તો સમૂહમાં રજૂ કરાય છે. મણિપુરીમાં હસ્તનો પ્રયોગ થાય છે. પણ બીજી શૈલીઓની જેમ બહોળા પ્રમાણમાં નહીં.

કથક એ આઠ ભારતીય શાસ્ત્રીય શૈલીમાંનો એક પ્રકાર છે. જે ઉત્તર ભારતમાંથી ઉદ્‌ભવેલ છે. આ શૈલી પૌરાણિક ઉત્તર ભારતીય જાતિ કે કથાકાર તરીકે ઓળખાતી

હતી. જ્યારે આજે તેમાં આકાર ધાર્મિક અને ભક્તિ–ચળવળના આલેખો મળે છે. ૧૬મી સદીથી આ શૈલીએ પરર્શીયન નૃત્ય અને મધ્ય ભારતીય નૃત્ય જે મુઘલ શાસન દરમિયાન હતા તેના અંશ જોવા મળે છે.

કથક શબ્દ મૂળ સંસ્કૃત શબ્દ કથા પરથી આવ્યો. કથકના મુખ્ય ત્રણ ઘરાના છે–જયપુર, લખનૌ અને બનારસ. આ ઉપરાંત રાયઘર ઘરાના છે જેને પોતાની બધી કાર્યપ્રણાલી આ ત્રણ ઘરાનામાંથી લીધી છે, પણ તેને પોતાની આગવી રચનાઓને કારણે ખ્યાતિ પ્રાપ્ત કરી છે.

સત્રીય એ ભારતની મુખ્ય આઠ નૃત્યશૈલીમાંનું એક છે. ઘણી સભ્યતાઓ ભૂતકાળમાંથી આજના સમયમાં પુનરાવર્તિત થતી રહે છે. આ નૃત્યશૈલી તેના ઉદ્‌ભવ સમયથી સતત જીવંત રહી છે. તેનો ઉદ્‌ભવ ૧૫મી સદીમાં આસામમાં વૈષ્ણવ સંપ્રદાયના રચેતા સંત શ્રીમંતા શંકરાદેવ દ્વારા થયો હતો.

શંકરાદેવ એ સત્રીય નૃત્યની રચના આંકિયાનટની (જે આસામનું એકાંકી નાટ્ય છે જેની રચના એમના દ્વારા થઈ હતી) સંગત માટે કરાઈ હતી. જે મુખ્યત્વે 'સત્ર' એટલે કે, આસામી મઠને કહેવાય છે તેના દ્વારા રજૂ કરાતી. જેમ આ સભ્યતા સત્રમાં વિકસવા લાગી ત્યારે આ નૃત્યપ્રકાર સત્રીય નૃત્ય તરીકે ઓળખવા લાગ્યો અને પ્રસિદ્ધિ પામ્યો. આજે ભલે આ નૃત્યશૈલી પોતાના સત્રમાંથી ઉદ્‌ભવીને રંગમંચ સુધીની સફર કરી છે પરંતુ આજે પણ આ નૃત્યપ્રકારનો પ્રયોગ ધાર્મિક નીતિનિયમો માટે થાય છે જે ઉદ્દેશે તેના ૫૦૦ વર્ષ પહેલા ઉદ્‌ભવ થયેલો.







વાચકમિત્રો અને 'સ્વરસેતુ'ના સંગીતભાવકોને વિનંતી કે આ ન્યૂઝ ડાયજેસ્ટ અંગેના આપના નિખાલસ પ્રતિભાવ અને સૂચનો જરૂર લખી જણાવશો. 'સ્વરસેતુ'ના વિવિધ 'થીમ' આધારિત કાર્યક્રમો વિશેનો આપનો અભિપ્રાય કે આપનું સૂચન પણ અમને અવશ્ય જણાવશો.
શ્યામલ-સૌમિલ દ્વારા અવારનવાર પ્રગટ થતી સીડી અને ડીવીડી વિશે પણ આપ આપનાં મંતવ્યો જણાવશો તો એ અમને અમારી ભવિષ્યની વિવિધ યોજનાઓમાં ઉપયોગી થઈ પડશે.

૭૦૭, શીતિરત્ન, અવિનાશ વ્યાસ ચોક,
પંચવટી, એલિસબ્રિજ, અમદાવાદ – ૩૮૦ ૦૦૬
ટેલિફેક્સ: (૦૭૯) ૨૬૫૬૧૮૩૪–૩૫
Email : swarsetu@yahoo.com

વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક
સ્વરસેતુ
ન્યૂઝ ડાયજેસ્ટ




## ▲ થોડી લિજ્જત... થોડા લહેકા... થોડી લટાર એટલે ટહુકા ટેરેસના

વિવિધ વિષયવસ્તુ પર આધારિત તેમજ નાવીન્યસભર અને અનોખી પરિકલ્પનાશીલ પ્રસ્તુતિ દ્વારા કલારસિકોની માનીતી સંસ્થા 'સ્વરસેતુ' દ્વારા એક અનોખા કાર્યક્રમની રજૂઆત તા. ૨૨ અને ૨૩મી માર્ચના રોજ ઠાકોરભાઈ દેસાઈ હૉલ ખાતે અમદાવાદમાં રજૂ કરવામા આવી.

કાર્યક્રમનું શીર્ષક જ એનાં નોખા પ્રયોગની સાબિતી આપતું હતું. 'ટહુકા ટેરેસના' નામ સાથે રજૂ થયેલ આ કાર્યક્રમ સંગીતની સુરીલી ટક્કર સમો બની રહ્યો હતો અને તેમાં શ્રોતાઓ પણ અગત્યનો હિસ્સો બની રહ્યાં હતા. મજાકિયા મુનશીભાઈ (શ્યામલ મુનશી) અને રમૂજી રઈશભાઈની હળવી ટકોર સાથે અંતાક્ષરીના રૂપમાં કાર્યક્રમની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

ગોકુલ ધામની 'એ' વિંગ અને 'બી' વિંગ વચ્ચે રૂ.૧૩૩૩૭ મેઈન્ટેનન્સ ફંડ માટે વર્ષોથી ઝઘડો ચાલે છે બંને વિંગના સેક્રેટરી ઝઘડો 'નાલાયકી'ના બદલે 'ગાયકી' દ્વારા પતે એવી ઈચ્છા કરે છે. બંને વિંગના સભ્યો (કલાકારો) ભેગા થાય છે, ટેરેસ પર અને જામે છે અંતકડીનો દોર. પછી તો 'ઠાકોરભાઈ સોસાયટી'ના શ્રોતાઓ પણ સાક્ષી બને છે અને બે ભાગમાં વહેંચાઈ જોડાય છે આ અવનવી સંગીત રમતમાં. એકબીજા પર દોષારોપણ, ટીકા–ટિપ્પણ વચ્ચે ગુજરાતી ગીત–સંગીત, કવિતાઓ અંતાક્ષરીના રૂપે ભાવકો સમક્ષ આવે છે. રઈશ મનીઆર દ્વારા કરવામાં આવતા વ્યંગ




તથા શ્યામલ મુનશી દ્વારા અંતાક્ષરીમાં ગાઈ શકાય તે માટે ટ, ઠ, ડ, ઢ થી શરૂ થતા અક્ષરો પર ગીત લખવા કવિઓને અપીલ કરતા પત્ર દ્વારા સભાગૃહમાં હાસ્યની છોળો ઊડી હતી. આશિતા પ્રજાપતિ, વિરાજ–બિજલ ઉપાધ્યાય (મુંબઈ), સૌનિક સુથાર, અમન લેખડિયા (સુરત), હેતલ રાવલ, હરિતા દેસાઈ, શ્રુતિ મોદી, દિવ્યાંગ અંજારિયા, પ્રહર વોરા, આરતી મુનશી, સૌમિલ મુનશી તેમજ ત્રણેય દિવસ નવા–જૂના ગુજરાતી ગીતો ગાઈને શ્રોતાઓએ પણ ટહુકા વેર્યા હતા.

આ જ કાર્યક્રમની પ્રસ્તુત ૧૫મી માર્ચે મુંબઈમાં તેજપાલ સભાગૃહમાં પણ કરવામાં આવી હતી. લાલુભાઈની પરિકલ્પનાથી સજ્જ થયેલ તેજપાલ સભાગૃહનો 'મંચ' ટેરેસમાં ફેરવાઈ ગયો હતો. જ્યારે અમદાવાદમાં ચિરાગ બારોટ દ્વારા મંચસજ્જા કરવામાં આવી હતી. બાબા સાઉન્ડ (મુંબઈ), જગદીશ સાઉન્ડ (અમદાવાદ), ભૌતેશ વ્યાસ (મુંબઈ), હેરી ઉપાધ્યાય (અમદાવાદ)ની લાઈટ વ્યવસ્થાએ કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. □

**મુંબઈ અને અમદાવાદમાં 'ટહુકા ટેરેસના' નામ સાથે રજૂ થયેલ આ કાર્યક્રમ સંગીતની સુરીલી ટક્કર સમો બની રહ્યો હતો. તેમાં શ્રોતાઓ પણ અગત્યનો હિસ્સો રહ્યાં. મજાકિયા મુનશીભાઈ (શ્યામલ મુનશી) અને રમૂજી રઈશભાઈની હળવી ટકોર સાથે અંતાક્ષરીના રૂપમાં કાર્યક્રમ રજૂ કરાયો.**

## મુંબઈ








એકબીજા પર દોષારોપણ, ટીકા-ટિપ્પણ વચ્ચે ગુજરાતી ગીત-સંગીત, કવિતાઓ અંતાક્ષરીના રૂપે રજૂ થઈ.

મુંબઈમાં યોજાયેલા કાર્યક્રમમાં એક પ્રસંગ ઘણો ગૌરવપ્રદ બન્યો. અંગ્રેજી માધ્યમમાં ભણતી માનસી વિસરીયા નામની યુવતિએ ઊભા થઈને કહ્યું કે, 'હું હંમેશા 'સ્વરસેતુ'ની આભારી રહીશ કે જેના થકી મને મારી માતૃભાષાનો સાચો પરિચય થયો. અંગ્રેજી માધ્યમમાં ભણવાને કારણે ગુજરાતી બોલવામાં પણ તકલીફ પડતી હતી. આજે હું ગુજરાતી ગીતો ગણગણતી થઈ છું. માતૃભાષાનો પ્રેમભર્યો સ્પર્શ મારા હૃદયને સ્પર્શી ગયો.'





ટહુકા ટેરેસના સાંભળીને તાળીઓના નાદથી તેજપાલ સભાગૃહ ગૂંજી ઉઠ્યો...

અમદાવાદ






મજાકિયા મુનશીભાઈ અને રમૂજી રઈશભાઈની હળવી ટકોર વચ્ચે ગુજરાતી ગીતોની સુરીલી ટક્કરે જમાવટ કરી હતી.





સંગીતની સૂરીલી આ ટક્કર ભાવકોને લિજ્જત કરાવી ગઈ.





ગાયક-સંગીતકાર પુરુષોત્તમ ઉપાધ્યાયના પત્ની ચેલનાબહેનને આવકારતા સૌમિલ મુનશી



અમદાવાદના ઠાકોરભાઈ દેસાઈ હૉલ ખાતે ટહુકા ટેરેસના પડઘા એટલા પડ્યા કે, લોકોને હાસ્ય ખાળવું મુશ્કેલ બની ગયુ હસતાં હસતાં આંખમાંથી આંસું વહ્યા.

જેઓ પુસ્તકની મૈત્રી પામે છે તેઓ વખત મારવાની હિંસાથી બચી જાય છે. વખત મારવાની ચીજ નથી, માણવાની ચીજ છે. જે ઘરમાં સારાં પુસ્તકો વંચાતા હોય તે ઘરના મહેમાન બનવાની મજા જ કંઈ હોય છે. એક અંગ્રેજ કવિએ પુસ્તકોને 'કદીય નિરાશ ન કરનાર મિત્રો' તરીકે ઓળખાવેલા છે. ૨૩ એપ્રિલે જ્યારે પુસ્તકદિન આવી રહ્યો છે ત્યારે અહીં આપણે એવા માણસને મળવું છે જે સમાજના દરેક માણસ સુધી સારું સાહિત્ય-પુસ્તક પહોંચે તે માટે 'પુસ્તકપરબ' ખોલીને બેઠા છે. આ માણસ એટલે સંસ્કારનગરી વડોદરાના ડૉ. પ્રતાપ પંડ્યા. પુસ્તક પ્રેમી અને અત્યાર સુધીમાં લાખો રૂપિયાના પુસ્તકોનું દાન કરનાર પ્રતાપ પંડ્યાનો પરિચય કરાવે છે....

**અવિનાશ મણિયાર**



# જ્ઞાનામૃતની અનોખી પરબ

રજનીશજી કહેતા કે 'તરસ્યાએ કૂવા પાસે જવુ જોઈએ, કૂવો તરસ્યા પાસે ક્યાં જવાનો છે?' આ વાત સાવ સાચી છે. અને આપણે પ્રસંગોપાત્ત અનુભવ પણ કર્યો હશે; પરંતુ ડૉ. પ્રતાપભાઈ આમાં અપવાદરૂપ નીવડ્યા છે ને એક ઉત્તમ ઉદાહરણ સમાજને પૂરું પાડ્યું છે. સાહિત્યના તરસ્યા-જ્ઞાનના ભૂખ્યાજનો માટે તેમણે 'પુસ્તકપરબ' શરૂ કરી છે. અને તેનો લાભ ગુજરાત ઉપરાંત અમેરિકામાં વસતા ગુજરાતીઓને પણ આપ્યો છે. આ રીતે તેઓ આઠ વરસથી વિરલ સેવા પૂરી પાડી રહ્યા છે.

સંસ્કારી કુટુંબ, પિતા અને મોટા ભાઈ શિક્ષક, કર્મઠ માતા, નઈ તાલીમથી રસાયેલા વિચાર-વર્તન, ખરા અર્થમાં સહધર્મચારિણી એવાં પત્ની, સત્સંગ અને સાનુકૂળ સંતાનો વગેરેએ તેમના વ્યક્તિત્વના ઘડતરમાં મોટો ભાગ ભજવ્યો છે. સ્વાશ્રય, કોઈ કામમાં સંકોચ નહીં અને સદા કાર્યરત અને તે પણ હસતા-હસાવતા એ ગુણો તેમનામાં આત્મસાત્ થઈ ગયા છે અને પરિચયમાં આવનારને આકર્ષે છે. પ્રાથમિક શાળાના શિક્ષણ સાથે વરસો સુધી સંકળાયેલા રહેલા અને યશસ્વી નીવડેલા પ્રતાપભાઈએ મોટી વયે ફરી અભ્યાસ આગળ વધાર્યો હતો અને 'લોકસાહિત્યમાં માનવજીવનના મૂલ્યોનું જતન' જેવા વિષયમાં ઊંડા ઊતરી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી હતી. તેમની અભ્યાસવૃત્તિ તેઓ ૭૬ વર્ષ તરફ ડગલા માંડી રહ્યાં છે ત્યારે પણ એવી જ જળવાઈ રહી છે. સુયોગ્ય કહેવતો સાથેની તેની વાણી, વ્યવહારમાંનું તળપદીપણું લ્હાવો બની રહે છે.

અમરેલી જિલ્લામાં શિક્ષણકાર્ય બાદ તેઓ વડોદરામાં સ્થાયી થયા છે અને વ્યાપક લોકશિક્ષણના કામોમાં વિવિધ પ્રકારે સહયોગી બન્યા છે. શૈક્ષણિક અને સાહિત્યિક સંસ્થાઓ, વરિષ્ઠ નાગરિકોનાં મંડળો, પુસ્તકાલયો જેવી સંસ્થાઓની પ્રવૃત્તિઓને તેઓ પ્રોત્સાહિત કરતા રહ્યા છે. પિતાએ લેવડાવેલું અજાચક વ્રત તેમણે પાળ્યું છે અને લઈને નહીં પણ દઈને રાજી થતા રહ્યા છે. ઘસાઈને ઊજળા થવાની પૂ. રવિશંકર મહારાજની વાત પણ તેમણે બરોબર ગળે ઉતારી છે. લોકભારતીના સંસ્કારોને ઉજાળ્યા છે.

ડૉ. પ્રતાપભાઈ પંડ્યા પેન્શન મેળવતા શિક્ષક જ નહીં, મન-વચન-કર્મથી કેળવણીકાર રહ્યા છે. સારું વાંચન સારાસારનો વિવેક આપે છે અને વાંચનારના ભીતરનું પરિવર્તન કરે છે. તે વાતની તેમને પ્રતીતિ થઈ હોઈ વાંચનપ્રવૃત્તિને શાળા બહાર પણ લઈ જવાના પ્રયાસોને પ્રોત્સાહિત કર્યા છે. ૨૦૦૫થી શરૂ કરેલી 'પુસ્તક પરબ'ની કામગીરીમાં તેઓ વાંચનમાં રસ ધરાવતી

વ્યક્તિઓને પુસ્તકો અને મંડળોને સાધનસહાય પણ આપે છે. 'હું તો માત્ર પિરસણિયો છું' તેવું વિનયભાવે કહેવા સાથે પોતાના અને પત્નીના પેન્શન ઉપરાંતના નાણાં પણ ખર્ચતા રહે છે. વાચન – રસિયાઓનાં જૂથો માટે તેમણે 'ઘર પુસ્તકાલયો' શરૂ કરાવડાવ્યાં કે જેની સંખ્યા રાજ્યના ૭ જિલ્લામાં ૧૪૬થી વધુ થઈ ગઈ છે. આ પુસ્તક માટેનો શરૂઆતનો બધો ખર્ચ પ્રતાપભાઈએ ઉઠાવ્યો છે અને અન્યત્રથી પણ પુસ્તકો મળે તેમજ કેટલાંક પુસ્તકાલયો, સાર્વજનિક પુસ્તકાલયોને મળતી રાજ્યસરકારની ગ્રાન્ટ મેળવે તેવા ઊજળા સંજોગો ઊભા થયા છે. 'ઘર પુસ્તકાલય'નાં અમેરિકામાં ચાર કેન્દ્રો છે. પુસ્તકોપ્રેમીઓને પ્રતાપભાઈએ અત્યાર સુધીમાં રૂપિયા ૪૪ લાખની કિંમતના સાહિત્ય પહોંચાડી બહુ મોટું કામ કર્યું છે.

વાચકોને સારાં પુસ્તકોની જરૂર છે અને તેઓ તેની ભૂખ પણ અનુભવતા હોય છે. પરંતુ આર્થિક કારણોસર કોઈ વધુ

**પ્રતાપભાઈએ શરૂ કરેલા 'ઘર પુસ્તકાલયો'ની સંખ્યા આજે ૧૪૬થી વધુ થવા જઈ રહી છે, ઉપરાંત અમેરિકામાં તેના ૫ કેન્દ્રો છે. અત્યાર સુધીમાં રૂ. ૪૪ લાખનાં પુસ્તકોનું ઉદાર હાથે દાન કરનાર પ્રતાપભાઈનો આ યજ્ઞ હજુ અવિરત ચાલુ જ છે અને રહેશે.**

પુસ્તકો ખરીદી શકતા નથી. પુસ્તકાલય, ઘરથી દૂર હોય કે સમયનો અભાવ હોય એ પણ બનવાજોગ છે. આવા રસિકોને ઘર નજીક જ પુસ્તક મળી રહે તો કેવું સારું. એનો જવાબ છે–'ઘર પુસ્તકાલય'. જેને ત્યાં પુસ્તકો રાખવા માટે થોડી જગ્યા હોય અને પુસ્તકો બદલાવવા માટે સવારે કે સાંજે આવનાર પડોશીઓ, પરિચિતો માટે કેટલોક સમય હોય તેને ત્યાં સાર્વજનિક ઉપયોગનાં પુસ્તકો રાખી શકાય. ડૉ.પ્રતાપ પંડ્યાના આ 'ઘર પુસ્તક'નો વિચાર, વાંચનમાં તેમનાથી પણ વધુ રસ ધરાવતાં પત્ની રમાબહેન, અમેરિકામાં સારું સ્થાન ધરાવતા પુત્ર ગૌરાંગ અને પુત્રી મનિષા તેમજ અન્ય આપ્તજનોએ વધાવી લીધો. અમરેલી જિલ્લાની પ્રાથમિક શાળાઓના આચાર્યોને પાંચ પાંચ હજાર રૂપિયાનાં પુસ્તકો આપી ઘર–પુસ્તકાલયોની શરૂઆત કરવામાં આવી. આવાં પુસ્તકાલયોના સંચાલકોને પુસ્તકો મોડા પાછાં આવે, ફાટે કે ચોરાઈ જાય તેના જવાબો આપવાની ચિંતાથી મુક્ત રાખવામાં આવ્યા. પુસ્તકો વંચાય, અનુકૂળતાએ ઉમેરો થતો રહે એ વિચારને અન્યત્ર પણ સારો આવકાર મળ્યો. પરબમાં પાણી ભરાતું રહે અને તરસ્યાને પિવડાવાતું રહે તેની કાળજી પ્રતાપભાઈ લેતા રહે છે. તેઓ વરિષ્ઠોને, પોતાના ખર્ચે સારાં સામયિકો પણ પહોંચાડતા રહે છે. સારા પ્રકાશનો માટે સહાય પણ કરતા રહે છે.

### 'પુસ્તકપરબ' શરૂ કરવાની પ્રેરણા

ડૉ. પ્રતાપ પંડ્યા કહે છે કે, સંસ્કારનગરી વડોદરામાં આવ્યા પછી સાહિત્ય જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની સાથે સંગીત, સિનીયર સિટીઝન અને અન્ય સેવાકીય પ્રવૃતિઓના ૧૫ વરસના અનુભવ પછી મારા પરિવારને ઉત્તમ સાહિત્ય વાચનથી ખૂબ ફાયદો થયો છે. અને આર્થિક, સામાજિક અને સમજદારીનો વિકાસ સાહિત્ય વડે જ થાય છે. માનવવિચાર પરિવર્તનનું કામ ઉત્તમ વાંચનથી થાય છે અને વિચારશુદ્ધિથી આચરણ શુદ્ધ બને છે એવો અનુભવ મને થયા કરે છે. તેથી ગુજરાતી ભાષાનાં ઉત્તમ સર્જનો ગુણ વાચકો સુધી સરળતાથી પહોંચે – છેવાડાના માણસ સુધી સારું સાહિત્ય પહોંચાડવા કંઈક કરવું જોઈએ એવા મનોમંથનથી 'પુસ્તકપરબ'ની રચના ૨૦૦૫માં વડોદરામાં શરૂ કરી સ્વખર્ચે સમગ્ર ગુજરાતમાં ચલાવવા માટે ઉત્તમ પુસ્તકો મફત આપવાનો નિર્ણય કર્યો. પછી આ પ્રવૃત્તિને ગુજરાતના અન્ય જિલ્લાઓમાં ચલાવવા માટે ખાસ યોજના 'ઘર પુસ્તકાલય'ની કરી. કોઈપણ સેવાભાવી નિવૃત્ત કે સાહિત્યપ્રેમી વ્યક્તિ પુસ્તકો દ્વારા માનવસેવા કરવા ઈચ્છે તો તેને ઘેર જ સૌ પ્રથમ ₹. ૫૦૦૦નાં પુસ્તકો ભેટ આપી શરૂ કરાવવું–એવું સૌપ્રથમ 'ઘર પુસ્તકાલય' અમરેલીમાં હસમુખ બોરાણિયા (શિક્ષક)એ શરૂ કર્યું. દીવે દીવો પ્રગટાવવાની શુભ પ્રવૃતિ ઉત્તરોત્તર વિકસતી રહી અને આજે ભાવનગર, વડોદરા, અમરેલી, રાજકોટ, જૂનાગઢ, સુરેન્દ્રનગર, ગાંધીનગર જિલ્લાઓમાં કુલ ૧૪૯ જેટલાં 'ઘર–પુસ્તકાલયો' શરૂ કર્યાં છે. આજ સુધી કુલ ૪૪ લાખનાં પુસ્તકો સમગ્ર ગુજરાતમાં ૫૦૦૦થી વધારે સુજ્ઞ વાચકો સુધી પહોંચાડ્યાં છે. પ્રતાપભાઈ કહે છે કે, 'પુસ્તકપરબ' નો વિચાર મારો અંગત છે. આ 'પુસ્તકપરબ' વડોદરામાં કાયમી સંસ્થા સ્થાપવા પરિવારે નિર્ણય કર્યો છે. જે કોઈપણ જાતના દાન, ભેટ, ગ્રાન્ટ કે સરકારી સહાય વિના ચાલે તેવી બંધારણીય અને આર્થિક સુવિધા અંગે પરિવારે વિચારણા કરી છે.

# નોખી માટીનો નોખો જીવ: ડૉ. પ્રતાપ પંડ્યા સાથે પ્રશ્નોત્તરી - ડૉ. યોગેશ કોઠારી

**આપની જન્મતારીખ:** ૪ એપ્રિલ, ૧૯૩૮

**આપે પ્રાથમિક શિક્ષણ ક્યાંથી મેળવ્યું?** ધો. ૧થી ૩ વતન અડતાળા જિ.અમરેલી, ધો ૪થી ૭ મોસાળમાં ગાયકવાડ સ્ટેટ સંચાલિત રતનપુર પ્રાથમિક શાળામાં પરીક્ષા પાસ કરી.

**આપના યાદગાર શિક્ષકોનાં નામ આપશો:**
૧. મોહનલાલ પ્રાગજી પટેલ
૨. ચંપકલાલ મહેતા
૩. રસિકલાલ ત્રિવેદી
૪. ચંપાબહેન મહેતા

**વ્યાવસાયિક શિક્ષણ ક્યાંથી મેળવ્યું?** લોકભારતી, સણોસરામાંથી પી.ટી.સી કર્યું.

**આપના જીવન પર કોનો પ્રભાવ રહ્યો?**
સ્વ. નાનાભાઈ ભટ્ટ, સ્વ. મૂળશંકર ભટ્ટ, સ્વ. મનુભાઈ પંચોલી 'દર્શક', સર્વશ્રી ગુણવંતભાઈ પુરોહિત, રતુભાઈ અદાણી, નરસિંહભાઈ ગોંદિયા.


**આપની પ્રિય 'ડીશ' કઈ?**
દાળ, ભાત, શાક, કઠોળ, મીક્ષશાક અને ચૂરમાના લાડુ, શીરો તથા સુખડી

**આપનું મનપસંદ સ્થળ કયું?**
૧. કાર્યક્ષેત્ર–અમરેલી ૨. હિમાચલ પ્રદેશનાં સ્થળો ૩. મારો પરિવાર જ્યાં હોય તે સ્થળ

**'પાંચ' પ્રિય પુસ્તકોનાં નામ આપશો?**
૧. સત્યના પ્રયોગો–ગાંધીજી ૨. ગુજરાતનો નાથ–ક.મા.મુનશી ૩.ઋગ્વેદ ૪.સરસ્વતી ચંદ્ર–ગોવર્ધન ત્રિપાઠી પ.ગાંધીજીની ચંપલ–ગુણવંત શાહ.

**આપનાં 'પાંચ' પ્રિય કવિઓ કોણ?**
૧. રમેશ પારેખ ૨. ઉમાશંકર જોષી ૩. મીનપિયાસી ૪. સુંદરમ્ પ. ઝવેરચંદ મેઘાણી

**આપનો સિદ્ધાંત શું છે?**
મરતાં પહેલાં માણસે 'માણસ' બનવું જોઈએ



**આપની નબળાઈ કઈ છે?**
કોઈ વ્યક્તિ મને મળીને પોતાની મુશ્કેલી રજૂ કરે તો હું તરત એનામાં વિશ્વાસ કરી લઉં છું અને મદદ કરી દઉં છું. ક્યારેક છેતરાઈ પણ જાઉં છું

**આપ નિરાશ ક્યારે થાવ છો?**
– જ્યારે પરિવારના સભ્ય કે અન્ય કોઈ વ્યક્તિ અમાનવીય વર્તન કરે ત્યારે.
– ઈચ્છા મુજબનું પરિણામ ન મળે ત્યારે.

**આપની પ્રિય ફિલ્મો કઈ?**
૧. મધુમતી ૨. બૈજુ બાવરા ૩. આવરા ૪. હમ સાથ સાથ હૈ ૫. પા.

**આપનું પ્રિય ફિલ્મીગીત?**
દિલને ફિર યાદ કિયા, ઝૂલ્ફસી લહેરાઈ હૈ– ટાઈટલ સૉંગ

**આપની યાદગાર મુલાકાત કઈ? કોની સાથેની?**
તા. ૨૩–૦૧–૧૯૫૫ના દિવસે સ્વ. શ્રી મૂળશંકર ભટ્ટ સાથેની પી.ટી.સી માં પ્રવેશ માટે લોકભારતી સણોસરા ગયો હતો. વહેલી સવારે સંસ્થાવા બાકડા પર સૂતો હતો ત્યાં સ્વ. શ્રી ભટ્ટ આવી ચડ્યા. પૂછ્યું કોણ છે અને અહીં કેમ સૂતો છે? મારું નામ પ્રતાપ અને પી.ટી.સી થવું છે. સ્વ.શ્રી ભટ્ટ મને હૂંફ અને પ્રેમથી તેઓના ઘરે લઈ ગયા અને મારા જીવનમાં રમમાણ થઈ ગયા.

**આપનો શોખ કયો છે?**
શાસ્ત્રીય સંગીત સાંભળવું, મને હાર્મોનિયમ અને તબલા વગાડવાનું ફાવે છે.

**જીવનમાં કઈ ત્રણ બાબતોને મહત્વ આપો?**
૧. સમયની ચોકસાઈ ૨. સત્યનિષ્ઠા ૩. વિવેકીપણું

**મળેલ ઍવોર્ડ-ઈનામ વિશે માહિતી આપશો?**
- મને અને મારાં પત્ની રમાબહેનને ૧૯૭૭–૭૮માં શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય અને રાષ્ટ્રીય ઍવોર્ડ મળેલ છે.
- વિશ્વના ૧૩૦ દેશોના ૨૦૦ રસિકોએ 'પ્રાથમિક શિક્ષણના પ્રશ્નો અને ઉકેલ' વિશે નિબંધ પરદેશ લખી મોકલેલા.

૧૯૯૪માં આ સ્પર્ધામાં મારો નિબંધ વિશ્વના ૧૦ શ્રેષ્ઠ નિબંધોમાં સ્થાન પામેલો અને રૂપિયા એક લાખનું ઈનામ મળેલું.

**આપના જીવનની દુ:ખદ યાદ?**
દીકરી મનીષા દોઢ વર્ષની હતી ત્યારે 'પોલિયો'ને કારણે જમણા પગમાં વિકલાંગતા આવેલી તે. પાછળથી કુટુંબની હૂંફ અને આત્મવિશ્વાસને કારણે મનીષાએ અભ્યાસ કર્યો અને તે પણ સાધારણ નહીં પણ અસાધારણ! BECમાં સુવર્ણચંદ્રક મેળવ્યો અને GCL કંપનીમાં સારા હોદ્દાની નોકરી પણ મેળવી.

# ગીતો સાથેની આ દોસ્તીનાં મૂળ ક્યાં?



તુષાર શુક્લ



લેખના શિર્ષક જેવો આ સવાલ જ્યારે પુછાય છે ત્યારે મારું મન બાળપણના દિવસોમાં ખોવાય છે. ઘરનું વાતાવરણ સાહિત્ય અને શિક્ષણનું હતું. ઘરમાં આવતા-રહેતા-જતા મહેમાનો પણ સાહિત્ય ઋચિ ધરાવનારા હતા. પડોશમાં પણ પ્રાધ્યાપક! ઝડપથી બોલવાના રમતિયાળ પ્રયોગો પાછળ પણ એક દીર્ઘદષ્ટિ પૂર્ણ કવાયત હતી, જે ઉચ્ચારના ક્ષેત્રમાં ઉપયોગી થઈ. Tongue Twister તરીકે સૂપડામાં સાની વાની, સાની મેલી વાની ખાઉં. દસકુ બગલાં, દસકુ બગલી, પાણીમાં લબઢેંક સટકતાં, સટક ઢેંક લબ ઢેંક સટે... જેવાં વાક્યો ઝડપથી બોલવા જતાં થતી ભૂલ પર કાબૂ મેળવવાની મથામણ મારા ભાષાવિજ્ઞાની કાકા પ્રો. જગદીશ દવે કરાવતા તો નાટ્યકાર પ્રો. વિનોદ-અધ્વર્યુ અને સુરંગીમાસી શ્લોકગાન કરાવતાં.

પણ, તે પાયા પર ઈમારત રચાઈ તે પહેલાં શાળાના શિક્ષકોએ બહુ મહત્ત્વપૂર્ણ યોગદાન કર્યું ઘડતરમાં અને એમાં શાળાના સંગીત શિક્ષકનો સૂરીલો ફાળો ભળ્યો. શાળાના પ્રાર્થના મંદિરમાં ગવાતાં ગીતો, સંગીતની સાધના વગર જ સમૂહમાં ગવાતાં... ત્યારે એનો લય ગમી જતો. તે વેળા ઘેર ઘેર રેડિયો નહોતા અને સિનેમા જોનારા વર્ગ પણ સીમિત, એટલે આ ગીતો જ વારંવાર ગવાતાં.

પરંતુ, ગીતો પ્રત્યેની ઋચિ વધવામાં સૌથી મહત્ત્વનું યોગદાન જો કોઈ હોય તો શાળાનાં પાઠ્યપુસ્તકોમાં સમાવિષ્ટ કાવ્યોનો પાઠ. વર્ગખંડમાં શિક્ષક સ્વયં એનો પાઠ કરે અને પછીથી વિદ્યાર્થીઓને ઊભા કરી પાઠ કરાવે. જાહેરમાં કાવ્યપઠનની એ પ્રારંભિક તાલીમ હતી. આપણું પઠન એવું હોવું જોઈએ જેમાં શ્રોતાને કવિતા બરાબર સંભળાય પણ ખરી અને સમજાય પણ ખરી. સંભળાવા ઉપરાંત સમજાવામાં પણ પઠન ઉપયોગી થાય છે. એ દષ્ટિ ખોલવામાં પ્રો.અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનો ઈશારો માર્ગદર્શક બન્યો. તેઓ પણ M.A. ના વર્ગમાં કાવ્યપાઠ કરતા. એમનું પઠન સૌ મંત્રમુગ્ધ થઈને માણતા. એમણે એ વાત સમજાવી કે યોગ્ય વિરામચિન્હનો અમલ સાથે જો પઠન થાય તો કવિતા ન સમજાય એવું બને નહિ. કાવ્યપાઠની કલાને આ ધોરણે મૂલવવા જેવી છે!

શાળાના પાઠ્યપુસ્તકમાં આવતી કવિતાઓના વર્ગખંડમાં પઠને ગીતપ્રીતનો પાયો મજબૂત કર્યો. અક્ષરમેળ અને માત્રામેળ છંદોમાં લખાયેલાં એ કાવ્યોનો પાઠ છંદાનુસાર થાય ત્યારે મન ડોલી ઊઠતું. વસંતતિલકા બહુ ગમતો. શિખરિણી, મંદાક્રાન્તા, અનુષ્ટુપ, શાર્દૂલવિક્રિડિત... કેવો વૈભવ છે આ છંદોનો! વાતાવરણ રચાઈ જતું. એ જ રીતે જ્યારે ભક્તિરચનાઓ ગવાતી, પૂજાપાઠ દરમિયાન મંત્રોચ્ચાર થતા, સ્તુતિ, આરતીગાન થતાં ત્યારે ભાવવિભોર થઈ જવાતું. ત્યારે શબ્દોના અર્થ નહોતા સમજાતા પણ છંદનો લય આ વાતાવરણ રચી જતો. ઘણા લાંબા 'અષ્ટકમ'

પણ આ લયને કારણે યાદ રહેતો. 'નર્મદાષ્ટકમ'નું પઠન રોમાંચિત કરતું. 'શક્રાદય'નો પાઠ રોમહર્ષક રહેતો. 'મામ્ પાહિ ૐ ભગવતી ભવદુઃખ કાપો'નો છંદ આંખના ખૂણા ભીંજવી જતો. છંદમાં રહેલા સંગીતે કરેલું એ જાદુ હતું.

શાળામાં પાઠ્યપુસ્તકમાં સમ્મિલિત કાવ્યોના પાઠની સ્મૃતિ આજેય એટલી જ તાજી છે. 'પ્રભો અતર્યામી, જીવન જીવના દીન શરણાં' (ન્હાનાલાલ)માં 'દી' દીર્ઘ છે અને એ રીતે જ ઉચ્ચારણ થાય અન્યથા 'દિન'નો અર્થ જ અલગ છે એની સમજણ ત્યારે બંધાઈ. નરસિંહરાવ દીવેટીઆના બંને પદ 'મંગલ મંદિર ખોલો દયામય' અને 'પ્રેમળ જ્યોતિ તારો દાખવી મુજ જીવન પંથ ઉજાળ' ગાતી વખતે હજી એ ખબર નહોતી કે આ જ એ કવિ છે જેમણે સંગીતનો મહિમા કરતાં કરતાં 'સંગીતકાવ્ય'નામ આપ્યું છે. ત્યારે તો એના કટ્ટર વિરોધી એવા બ.ક.ઠા (બળવંતરાય કલ્યાણરાય ઠાકોર)ની સૉનેટ રચનાનો પૃથ્વીછંદમાં પાઠ પણ એટલો જ ગમતોઃ 'પાડી સેંથી નીરખી રહી'તી ચાંદલો પૂર્ણ કરવા...!'

કવિ કલાપીની કવિતા 'રે પંખીડા સુખથી ચણજો' અને 'તે પંખીની ઉપર પથરો ફેંકતા ફેંકી દીધો'નો પાઠ યાદ આવે છે. જો કવિ નર્મદનું કબીરવડનું વર્ણન કરતી એ પંક્તિઓ 'ભૂરો ભાસ્યો ઝાંખો, દૂરથી ઘુમસે પહાડ સરખો, કે પછી ગિરિરાજ આબુનું શબ્દચિત્ર ખડું કરતી, ભલો દૂરથી દેખતાં દિલ ભાવ્યો, ચઢી જેમ આકાશમાં મેહ આવ્યો', ને ગિરનારનું વર્ણન કરતી એ પંક્તિઓ 'ઘોર અતિ વંકી ધરતીને વંદા પથરાયા બહુ પહાડ' આજે ય યાદ છે.

અને એવી જ મજા હરિગીતના પઠનમાં આવતી 'નરદેવ ભીમકની સુતા, દમયંતી નામે સુંદરી' (મં.હ. ઓઝા) ભૂજંગી છંદની એક ઓર રચના 'પૂરી એક અંધેરીને ગંડુ રાજા, ટકે શેર ભાજી ટકે શેર ખાજા' પણ કેમ ભુલાય? ભલને ત્યારે 'દેશસુધારા'ની વાત સમજાઈ નહોતી.

**સંગીત શિક્ષક દ્વારા પણ આપણા અનેક કવિઓનાં ગીતો સ્વરબદ્ધ સ્વરૂપે પરિચયમાં આવ્યા. બાલમુકુન્દ દવે, શ્રીધરાણી, નાથાલાલ દવે, ભોગીલાલ ગાંધી, પૂજાલાલ, પ્રહ્લાદ પારેખ.. કેટલાય કવિઓ, કેટલી બધી રચનાઓ કવિતાના આ સ્વરબદ્ધ સ્વરૂપમાં કવિતાનો અર્થ સમજવા કરતાં વધુ તો એને ગાવાનો આનંદ હતો. 'હવામાં આજ વહે છે, ધરતી કેરી ખુશખુશાલી'માં 'ખુશખુશાલી' જોર દઈને બોલવાની બાળસહજ મસ્તી હતી. મેઘાણીભાઈના 'મન મોર બની થનગાટ કરે' નો લય પડકારજનક લાગતો, 'શિવાજીનું હાલરડું' ગાવું સહેલું લાગતું. 'જનનીની જોડ સખી નહિ જડે રે લોલ' (બોટાદકર) સમજાતું ય ખરું ને ગાવું ગમતું ય ખરું.**

એક કવિતા યાદ આવે છે તે વખતે તો ખબર નહોતી કે આ કોઈ અંગ્રેજી કવિતા 'લ્યૂસી ગ્રે' (વર્ડ્ઝવર્થ)નું વિષયવસ્તુ ધરાવે છે. એના કવિ વિઠ્ઠલરાય આવસત્થીનું નામ પણ યાદ નહોતું પણ પંક્તિઓ બરાબર યાદ આવે છે. 'ડુંગર કેરી ખીણમાં, ગાંભુ નામે ગામ, ખેતી કરતાં ખંતથી પટેલ પાંચો નામ'. દોહરાનું આવું ચલન બીજી અનેક રચનાઓમાં ય હોઠે ચડે છે. 'કરતાં જાળ કરોળિયો, ભોંય પડી પછડાય. વણ તૂટેલે તાંતણે ઉપર ચડવા જાય'!

બાળપણમાં કાને પડેલા એ અનેક જોડકણાં ને બાળકાવ્યો એના પ્રાસાનુપ્રાસ અને શબ્દલયને કારણે ભુલાયાં નથી. 'ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ!' કે 'પાટા ઉપર ગાડી, આવે દોટ કાઢી'નો ધડધડાટ ગમતો. 'ઊંટ કહે આ સભામાં વાંકા અંગવાળા ભૂંડાભૂતળમાં પશુ અને પંખીઓ અપાર છે.' અથવા 'એક શરણાઈવાળો સાત વર્ષ સુધી શીખી, રાગરાગણી વગાડવામાં વખણાયો છે.' નો મનહર છંદ પણ બહુ ગમતો. કિશોરવયમાં 'ખારા ખારા ઊસ જેવા આછાં આછાં તેલ, પોણી દુનિયા ઉપર એવાં પાણી રેલમછેલ' (ત્રિભુવન વ્યાસ) અને 'હાં રે અમે ગ્યાં'તાં હો રંગના ઓબારે કે તેજના ફૂંવારે, અનંતના આરે, કે રંગ રંગ વાદળિયા' (સુંદરમ્)ની સાથે સાથે કવિ કાન્તની 'સાગર એક શશી'ની પંક્તિઓ 'કામિની કોકિલા કેલિકૂજન કરે 'બહુ ગમતી. બાલશંકર કંથારિયાની રચના ગઝલ છે એવી જાણ ભલે નહોતી પણ 'નિજાનંદે હંમેશાં 'બાલ', મસ્તીમાં મજા લેજે'માં 'બાલ'ને ઉપનામ રૂપે ન ગવાય ને 'બાલમસ્તી' થઈ જાય તો એવા વિચારે મલકી પડાતુ! અને આ સહુમાં કલાપીનું ખંડકાવ્ય 'ગ્રામ માતા'– 'રસહીન ધરા થઈ છે, દયાહીન થયો નૃપ'નો પાઠ કરતી વખતે યોગ્ય સ્વરભાર સાથેના પૂર્ણ ઉચ્ચારનો મહિમા સમજાતો, તો કવિ

# વિચારતાર

કાન્તના ખંડકાવ્ય, 'અતિજ્ઞાન'માં ઉદ્‌ગ્રીવ દષ્ટિ કરતાં નભશૂન્ય ભાસે'માં 'ઉદ્‌ગ્રીવ'નો ઉચ્ચાર, ઊંચી ડોકનું ચિત્ર રચે છે. એ વાત પણ વર્ષો પછી સ્પષ્ટ થઈ. બ.ક.ઠા.ના નર્મદાદર્શનમાં જલ પર તરતી નાવની સરખામણી પોતાના 'સ્તન પરના તલ સાથે કરતાં 'સ્તન ધડક શાં...' અને 'પડે ઊપડે'માંથી ખડું થતું ચિત્ર પણ એના લયમાધુર્યને કારણે ખડું થતું અનુભવાયું છે. એ જ રીતે બ.ક.ઠા.ના પૃથ્વી છંદમાં જ 'સદા ચલત તોય નવ હીંચકો ચાલતો'માં હીંચકાનો અનુભવ થતો જોયો છે. તો જૂનું પિયરઘરમાં 'બેસી ખાટે ફરી વળી બધે મેડીઓ ઓરડામાં' નો ઉઘાડ પણ દશ્યાનુભવ કરાવે છે તો, રાજેન્દ્ર શાહ 'ખખડ થતીને ખોડંગાતી જતી ડમણી જૂની'માં પણ આવું જ Visual સર્જે છે.

આજે વિચારવાં લાગે છે કે, આમાંથી ગીતકવિતાઓ ઓછી છે. છંદોબદ્ધ રચનાઓ, સૉનેટ્સનું પ્રમાણ વધારે છે. આ રચનાઓ યાદ રહી જવાનું કારણ એમાં પ્રયોજાયેલો લય છે. શબ્દો દ્વારા રચાતાં દશ્યો છે. ધ્વનિગુંજન પણ સંભળાય છે. હીંચકાનો કીચૂડાટ હોય કે ગાડાના ઘૂંઘરુનો સ્વર સંગીતના સીધા ઉપયોગ વગરનું આ ભાવસંક્રમણ હતું.

સંગીત શિક્ષક દ્વારા પણ આપણા અનેક કવિઓનાં ગીતો સ્વરબદ્ધ સ્વરૂપે પરિચયમાં આવ્યા. બાલમુકુન્દ દવે, શ્રીધરાણી, નાથાલાલ દવે, ભોગીલાલ ગાંધી, પૂજાલાલ, પ્રહ્લાદ પારેખ.. કેટલાય કવિઓ, કેટલી બધી રચનાઓ કવિતાના આ સ્વરબદ્ધ સ્વરૂપમાં કવિતાનો અર્થ સમજવા કરતાં વધુ તો એને ગાવાનો આનંદ હતો. 'હવામાં આજ વહે છે, ધરતી કેરી ખુશખુશાલી'માં 'ખુશખુશાલી' જોર દઈને બોલવાની બાળસહજ મસ્તી હતી. મેઘાણીભાઈના 'મન મોર બની થનગાટ કરે' નો લય પડકારજનક લાગતો, 'શિવાજીનું હાલરડું' ગાવું સહેલું લાગતું. 'જનનીની જોડ સખી નહિ જડે રે લોલ' (બોટાદકર) સમજાતું ય ખરું ને ગાવું ગમતું ય ખરું. 'દેવોને દૂધ એનાં દોહ્યલાં' એ વાત સાથે ઈશ્વરનું 'સ્વયંભૂ' હોવું જોડાયેલું છે એવી જાણ હતી જ!

'જૂની વાચનમાળા'નો કવિતાસંગ્રહ (બે ભાગ) આજેય એવી અનેક રચનાઓની યાદ અપાવે છે જે મુખપાઠ કરીને યાદ રાખનારી વડીલ પેઢી આજે ય હજી પરિવારોને આશિષ આપી રહી છે. અંગ્રેજોના અમલ દરમિયાન મુંબઈ પ્રદેશ સરકારી કેળવણી ખાતાએ ગુજરાતી પાઠ્યપુસ્તકો તૈયાર કરવા કર્નલ હોપના અધ્યક્ષપણા નીચે કમિટિ નીમેલી. એ કમિટિએ ૧ થી ૭ ધોરણ માટેની વાંચનમાળા તૈયાર કરી હતી. એમાં સદ્‌બોધ અને સંસ્કાર આપતી રચનાઓનો સમાવેશ થયો હતો. 'ચોપડી વિષે' નામક રચનામાં (ચોપાઈ)

'સારી ચોપડીઓ શોભાય,<br>
હૈયું તે દેખી હરખાય,<br>
પણ વિગતથી જો વંચાય,<br>
તો તેમાંથી કારજ થાય.<br>
જીવ ઘાલીને વાંચે જેમ,<br>
તેમાં સમજણ આવે તેમ,<br>
વાંચે, પણ નહિ કરે વિચાર,<br>
તે સમજે નહિ સઘળો સાર'

ચોપડીનો મહિમા વર્ણવાયો છે. આ વાચનમાળમાં દલપતરામ, શામળ, નર્મદ ઉપરાંત કેટલાક ઓછા જાણીતા કવિઓની રચનાઓ છે. પણ અહીં પણ દોહરા, ચોપાઈ, મનહર, ભૂજંગી, હરિગીત વગેરેની મદદથી ગાતાં ગાતાં મુખપાઠ સાથે યાદ રાખી શકાય તેવી રચનાઓ છે.

આ અને આવી તો અનેક રચનાઓ આપ સહુની સ્મૃતિમાં ય જરૂર સચવાઈ હશે. આપના આજની ગીત-સંગીત પ્રત્યેની રુચિના મૂળ પણ આવી જ કોઈક સ્મૃતિમાં છે. છંદોનો લય કવિતા પ્રેમ વધારવાનું ય એક કારણ બને છે અને એ કારણે સમય જતાં સંગીતપ્રેમ જાગે છે!

આપ પણ યાદ કરી જોજો આવી રચનાઓ.

**આજે રજા છે, ગઈ છું ય થાકી...**<br>
**વાંચીશ...ના, ગાઈશ પહેલાં જે ગીત બાકી!** ◻


SINCE 1930
Arunbhai Maneklal Jhaveri & Sons
JEWELLERS & REGD. VALUERS
Exclusive Diamond Show Room



1,2,3, "SURYODAYA", SWASTIK CHAR RASTA, C.G.ROAD,
NAVRANGPURA, AHMEDABAD - 380009. INDIA
TELE : 91-79-26568456, 26421243, 26425422 FAX : 91-79-26564243
E-mail : amjsons@yahoo.co.in chintak9@yahoo.com



ડૉ. મોનિકા શાહ

ડૉ. મોનિકા હિતેનભાઈ શાહ ગુજરાતના જાણીતા શાસ્ત્રીય ગાયિકા છે. સંગીત વિષયમાં ડૉક્ટરેટ ડિગ્રી ધરાવતા ડૉ. મોનિકાબહેને પી.એચ.ડીમાં સુવર્ણચંદ્રક પણ પ્રાપ્ત કર્યો છે. આકાશવાણી તથા દૂરદર્શનના શાસ્ત્રીય સંગીત વિભાગના તેઓ ઉચ્ચ કોટિના કલાકાર છે.

તેઓ ગુજરાત સરકાર દ્વારા ગૌરવ પુરસ્કારથી સન્માનિત છે. ઉપરાંત 'સૂરમણિ', 'સંગીત શિરોમણિ', 'નવદીપ પ્રતિષ્ઠાન' જેવા અનેક ઍવોર્ડથી નવાજીત છે. ૧૯૯૩માં યોજાયેલી પંડિત ઓમકારનાથ ઠાકુર સ્પર્ધામાં 'શ્રેષ્ઠ સાધક શિલ્ડ' મેળવ્યું છે. તેઓએ દેશ-વિદેશમાં ૧૦૦૦થી વધુ શાસ્ત્રીય સંગીત, ઉપશાસ્ત્રીય સંગીત અને ભજનના કાર્યક્રમ કરેલ છે.

તેઓ આરાધના લિસનર્સ કલબ અંતર્ગત અમદાવાદમાં શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમો યોજે છે અને છેલ્લાં ૧૦ વર્ષથી અમેરિકા અને કેનેડા ખાતે વિદ્યાર્થીઓને તાલીમ આપવા જાય છે. અહીં તેઓ કેટલાક અપ્રચલિત 'રાગ' અને તેની સમજ વિશે વાત કરશે.

# અપ્રચલિત રાગ પ્રભાત-ભૈરવની સમજણ



**રાગ-પ્રભાત ભૈરવઃ** આ રાગ ભૈરવનો એક અપ્રચલિત પ્રકાર છે અને ભૈરવ થાટનો રાગ છે. આમાં ધૈવત-રિષભ વાદી સંવાદી છે. રિષભ અને ધૈવત કોમળ, બંને મધ્યમ લાગે છે અને બીજા સ્વરો શુદ્ધ છે. આ રાગની જાતિ સંપૂર્ણ-સંપૂર્ણ છે. ઉત્તરાંગ પ્રધાન રાગ છે. ગાવાનો સમય પ્રાતઃકાળ છે. મધ્યમ સિવાય બધા સ્વરોનો પ્રયોગ ભૈરવની જેમ થાય છે. ફક્ત પૂર્વાંગમાં બંને મધ્યમ દ્વારા લલિત અંગનું મિશ્રણ કરીને રાગની રચના કરવામાં આવી છે.

શુદ્ધ મધ્યમ સ્વર ગમમંમગ આ પ્રકારે લલિત અંગ તથા ગમપમથી આ પ્રકારના સ્વરસમૂહમાં ભૈરવ અંગથી પ્રયોગ થાય છે.

**આરોહ - સા રે ગ મ પ ધ નિ સાં**

**અવરોહ - સાં નિ ધ, પ ગ મ મં મ ગ, પ ગ મ રે સા**

**પકડ - ગમધ, ધપ, ગમમંમગ ગમરે, રે સા**

**રાગ-પ્રભાત ભૈરવ** તાલ–એકતાલ

હર હર હર ગંગાધર, શશી શેખર જટાધર, ભસ્મ ભૂખન શૂલ પાણી, ગલે રૂંડ માલાધર , । સ્થાયી ।
બાઘામ્બર વૃખ વાહન. ત્રિપુરારી ભૂતેશ્વર. શિંગીનાદ ડમરૂનાદ, જય જય શિવશંકર. ।। અંતરા ।।

## સ્થાયી

| X | | ૦ | | ૨ | | ૦ | | ૩ | | ૪ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધ઼ | ધ઼ | પ | પ | મ | મ | ગમ | મં | મ | - | ગ | ગમ |
| હ | ર | હ | ર | હ | ર | ગ - | - | ગા | - | ઘ | ર- |
| ગ | મ | રે | - | ગમ | પ | મ | ગમ | ગમ | રે | - | સા |
| શ | શી | શે | - | ખ - | ર | -જ | ટા- | -- | ઘ | - | ર |
| ની઼ | સા | સા | રે | સા | સા | ગ | ગ | મ | ધની | સાં | - |
| ભ | - | સ્મ | ભૂ | ખ | ન | શૂ | - | લ | પા- | ણી | - |
| રેં | સાં | નીસાં | ધ઼ | - | પ | રેગ | મમં | મ | ગમ | રે | સા |
| ગ | લે | -- | રું | - | ડ | મા - | - - | લા | - - | ઘ | ર |

## અંતરા

| X | | ૦ | | ૨ | | ૦ | | ૩ | | ૪ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મ | - | ધ | - | ની | ની | સાં | સાં | નીસાં | રેં | સાં | સાં |
| બા | - | ઘા | - | મ્બ | ર | વૃ | ખ | વા - | - | હ | ન |
| ની | સાં | રેં | - | સાં | - | નીસાં | રેંસાં | ધ઼ | - | પ | પ |
| ત્રિ | પુ | રા | - | રી | - | ભૂ- | -- | તે | - | શ્વ | ર |
| મ | ગ | મ | મં | ની | ધમં | મ | મ | રે | મ | મ | મ |
| શિં | - | ગી | ના | - | દ - | ડ | મ | રુ | ના | - | દ |
| ધ઼ | ની઼ | સા | રે | ગ | મમ | ની | ધ઼ | ધની | સાંની | ધપ | મ |
| જ | ય | જ | ય | જ | ય | શિ | વ | શં - | - - | ક - | ર |

E-mail: drmonicashah@yahoo.com

૨૨ ફેબ્રુઆરીના રોજ કસ્તૂરબાની પુણ્યતિથિ નિમિત્તે ગાંધીવિચારને ગાંધીકથાના માધ્યમ દ્વારા જનસામાન્ય સુધી પહોંચાડનારા નારાયણ દેસાઈ લિખિત નાટક 'કસ્તૂરબા'નાં મંચનનો પ્રારંભ થયો. આ પ્રસંગે નારાયણભાઈએ લખેલા આ નાટકના પુસ્તક 'કસ્તૂરબા'નું પણ વિમોચન કરવામાં આવ્યું હતું.

આજે નાટક ઘણું લોકપ્રિય બન્યું છે અને દેશ-વિદેશમાં તેના મંચન માટે આમંત્રણ પણ મળી રહ્યાં છે. ૧૧ એપ્રિલે જ્યારે કસ્તૂરબાનો જન્મદિવસ છે ત્યારે આ ઐતિહાસિક નાટકની સર્જનપ્રક્રિયાથી મંચન સુધીની સફરની ક્ષણોને 'સ્વરસેતુ' સાથે વાગોળે છે નાટકના દિગ્દર્શક અદિતિ દેસાઈ.

– દેવજ્ઞા જોષી



નાટક 'કસ્તૂરબા'નું દિગ્દર્શન કરનાર અદિતિ દેસાઈ કહે છે કે છેલ્લાં ઘણાં વર્ષોથી કસ્તૂરબા પર નાટક કરવું હતું. ઘણા લેખકોને આ વિષય પર લખવા કહ્યું હતું. છેવટે નારાયણ દેસાઈએ લખવાની હા પાડતા નાટક રચાયું.

# મહાત્માના જીવનસંગિનીની કથા ઐતિહાસિક નાટક 'કસ્તૂરબા'

**'કસ્તૂરબા' નાટકનું દિગ્દર્શન આપ કરી રહ્યાં છો? તો આ તક કેવી રીતે મળી?**

'કસ્તૂરબા'ને તખ્તા પર ઢાળવાનો વિચાર તો છેલ્લાં ૭-૮ વર્ષથી થતો હતો. આ વિષે ઘણાં લેખકોને લખવાનું કહી જોયું પણ વાત બહુ આગળ ન વધી. નારાયણભાઈ દેસાઈને પૂછતા તેમણે તરત તો હા ન કહી પણ બે-ત્રણ મીટિંગના અંતે તેઓ નાટક લખવા સહમત થયા.

**કેટલા મહિના નાટક પાછળ હોમવર્ક કરવું પડ્યું?**

નાટકની પાશ્વાત્ભૂમિને યોગ્ય ઓપ આપવામાં એક વર્ષ નીકળી ગયું. આ એક વર્ષના ગાળામાં નાટકની સ્ક્રિપ્ટ લખાઈ અને પછી નાટકના Castingની પ્રક્રિયા આરંભાઈ. નાટકમાં મુખ્ય ત્રણ પાત્રો છે મહાત્મા ગાંધી, કસ્તૂરબા અને હરિલાલ. જેમાં ગાંધીજીની ભૂમિકા અભિનય બેંકરે, કસ્તૂરબાની ભૂમિકા કલ્પના ગાગડેકર અને હરિલાલની ભૂમિકા હેમાંગ દવેએ કરી છે. નાટકને સંપૂર્ણ સ્વરૂપ આપવા ધીરુબહેન પટેલ, નૌશિલ મહેતા, હું અને રક્ષા નાયક સતત પ્રક્રિયામાં જોડાયેલાં રહ્યાં.

**પુસ્તકમાંથી કેટલા અંશ સમાવી શક્યા છે?**

'કસ્તૂરબા' પુસ્તકમાંથી મોટાભાગના અંશનો સમાવેશ નાટકમાં કર્યો છે. પુસ્તકનું વિમોચન પણ કસ્તૂરબાની પુણ્યતિથિના દિવસે જ કરવામાં આવ્યું.

**અત્યાર સુધી કેટલા પ્રયોગ થયા ? આગળ પ્રયોગો ક્યાં થવાના છે?**

અત્યાર સુધી ૧૩ પ્રયોગ થઈ ચૂક્યા છે જેમાં અમદાવાદ, વલસાડ, વડોદરા તેમજ ગુજરાતના અન્ય કેટલાંક સ્થળોનો સમાવેશ થાય છે અને હજી પણ બીજા પ્રયોગો કરવા આમંત્રણ મળતા રહે છે. જર્મની, ઇંગ્લેન્ડ અને અમેરિકામાં પણ પ્રયોગ કરવાના આમંત્રણ મળ્યાં છે.


**લોકો તરફથી નાટકને કેવો પ્રતિભાવ સાંપડ્યો?**

'કસ્તૂરબા' નાટકનો પ્રતિભાવ અભૂતપૂર્વ રહ્યો છે. 'મોહનમાંથી જેમ મહાત્મા' જનમ્યા એમ 'કસ્તૂર'માંથી 'કસ્તૂરબા' થયાં તે કેવી રીતે થયા તેના દર્શન આ નાટકમાં થાય છે. નાટકને પ્રેક્ષકો, મીડિયાનો ખૂબ સહકાર મળ્યો છે. આ એક એવું નાટક છે જેમાં સ્ત્રીઓ જ નહીં પણ પુરુષો પણ ધ્રુસકે ધ્રુસકે રડે છે.

**'કસ્તૂરબા'નાટકની રજૂઆત કરતાં પહેલાં શેનો અભ્યાસ કર્યો?**

કસ્તૂરબા વિશે માહિતી મર્યાદિત છે. તેમના વિશે ખૂબ ઓછુ લખાયું છે. તેમના ફોટોગ્રાફ પણ બહુ ઓછા છે અરે, તેમનો અવાજ તો ક્યાંય રૅકોર્ડ પણ નથી. એટલે જેટલું સાહિત્ય હતું તે બધાનો ખૂબ અભ્યાસ કરવો પડ્યો.





'કસ્તૂરબા' નાટકમાં કસ્તૂરબાનું પાત્ર કલ્પના ગાગડેકરે, ગાંધીજીનું પાત્ર અભિનય બેન્કર તેમજ હરિલાલનું પાત્ર હેમાંગ દવેએ નિભાવ્યું છે.


તે સમયનો પહેરવેશ, બોલચાલની ભાષા અને મેકઅપ પર ખાસ ધ્યાન આપવું પડ્યું. એટલે જ્યારે કોઈ ઐતિહાસિક વિષય હોય તો તે વધારે મહેનત અને અભ્યાસ માંગી લે છે.

**હાલ અન્ય કોઈ વિષય પર કામ કરો છો?**

સાવિત્રી જોતીરાવ ફૂલે પર નાટક નિર્માણ કર્યું છે. તેમણે તેમના પતિ સાથે શિક્ષણ પર ઘણું કામ કર્યું છે. ૧૮મી સદીના જાણીતા સમાજસુધારક સાવિત્રી જોતીરાવ ફૂલેના જીવન પર નિર્માણ થયેલા આ નાટકમાં મહિલાઓની શિક્ષણ અને સામાજિક સમસ્યા પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. નાટકમાં સાવિત્રી ફૂલે અને તેમના પતિ જોતીરાવ ફૂલેના સંબંધો અને એકબીજાને દરેક પરિસ્થિતિમાં ટેકો આપવાનો અભિગમ દેખાડવાનો પ્રયાસ કર્યો છે.

**રંગભૂમિના પીઢ કલાકાર તરીકે ગુજરાતી નાટકનો કેવો દોર ચાલી રહ્યો છે?**

લોકોને સારું અને સ્વચ્છ મનોરંજન તો જોઈએ જ છે. સારું અને ગુણવત્તાવાળું કામ આપો તો લોકો તેની કદર કરે છે. તેનું જીવંત ઉદાહરણ 'કસ્તૂરબા' જ છે. મારા મતે ગુજરાતી રંગભૂમિનો સમય હંમેશાં સારો જ રહ્યો છે. હા, ક્યારેક તેમાં ચડાવ-ઉતાર જોવા મળે ગુજરાતી નાટકો થતાં રહ્યાં છે અને ભવિષ્યમાં પણ થતાં રહેશે. ગુજરાતી નાટકોનું ભાવિ ઉજ્વળ જ છે. □



'કસ્તૂરબા' નાટકના લેખક નારાયણ દેસાઈ

### મારી બાને સમર્પિત

ગાંધીજીના અતિપ્રિય સચિવ મહાદેવભાઈ દેસાઈના પુત્ર એવા નારાયણભાઈ દેસાઈએ 'કસ્તૂરબા' નાટક લખ્યું છે. નારાયણભાઈ કહે છે કે, 'કસ્તૂરબા' નાટક મેં મારી બાને સમર્પિત કર્યું છે. કારણ કે, મારી બા કે દેશની બા કસ્તૂરબામાં કોઈ ફરક નથી. બંને સમગ્ર જીવન પોતાના પતિ સાથે સતત અને અંત સુધી પોતાની અસ્મિતા જાળવીને રહ્યાં હતાં. ગાંધીજી તેમજ કસ્તૂરબા સાથે વર્ષો વીતાવનાર નારાયણભાઈ કહે છે કે, 'મેં કસ્તૂરબાને ગાંધીજી સાથે સ્પષ્ટ મતભેદ રજૂ કરતાં અને ક્યારેક તે બાબત પર ઝઘડો કરતાં પણ જોયાં છે. તે વખતે મારી ઉંમર ૧૫ વર્ષની અને બાની ઉંમર ૭૦ વર્ષની હતી.' આ નાટકમાં બાના વ્યક્તિત્વને દર્શાવતા ૪૦થી ૫૦ પ્રસંગોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં બાળપણમાં થયેલાં તેમના લગ્ન, બાપુ દ્વારા આફ્રિકામાં બાને ઘરેથી કાઢી મૂકવાનો પ્રસંગ, જેલમાં બાના દીકરા હરિલાલ સાથે મુલાકાત વગેરે. આમ નાટકમાં પોરબંદરથી આફ્રિકા થઈને અમદાવાદ સુધીની સફર સુંદર રીતે રજૂ કરવામાં આવી છે.



વિવેક દેસાઈ

# બાર વર્ષે બાવો બોલ્યો: સદીના બીજા મહાકુંભની ખટમીઠી...

સતતને સતત ફરતા રહીને ફોટોગ્રાફી કરતાં રહેવું તે વિવેક દેસાઈનો આગવો શોખ છે. આ વખતે તેઓ કુંભમેળામાં લટાર લગાવી આવ્યાં. કહેવાય છે કે, કુંભમેળામાં ભલભલા લોકો ભૂલા પડી ખોવાઈ જાય છે. પરંતુ 'સ્વરસેતુ'એ આ અલગારી ફોટોગ્રાફરનાં લોકેશન પર સતત વૉચ રાખી હતી. જેને કારણે જ આપણને તેઓ અહીં કુંભપ્રસાદી રૂપે તસવીરનો પડિયો આપી શક્યા છે. ઓવર ટૂ વિવેક દેસાઈ...





ગલગોટાનાં હાર માથે જટા પર લપેટીને 'હર હર મહાદેવ'ના નારા સાથે શિવરાત્રીના દિવસે બનારસમાં કાશી વિશ્વનાથના મંદિરે જવા નીકળેલું સાધુ-સંતોનું જુલુસ.

૧૦ માર્ચ, ૨૦૧૩. મહાશિવરાત્રીના છેલ્લા સ્નાન સાથે સદીની એક મહાન ઘટનાની પૂર્ણાહૂતી થઈ. દોઢ મહિના ચાલેલા આ મહાકુંભમાં એક કરુણ ઘટનામાં પચાસેક લોકોનું ભાગદોડમાં મૃત્યુ થયું. એ વાતને બાદ કરો તો આ મહાકુંભ એક અવિસ્મરણીય આધ્યાત્મિક મેળાવડો હતો. નાગાસાધુઓ મેળાનું મુખ્ય આકર્ષણ તો ખરા જ. પણ, સાથે સાથે ભારતભરમાંથી જોડાયેલાં જુદા–જુદા પંથના સાધુ–સંતોનો એક જબરજસ્ત આધ્યાત્મિક મેળાવડો હતો આ મહાકુંભ.

શાહી સ્નાનના દિવસોને બાદ કરતાં ભીડની સંખ્યા પ્રશાસને ધારેલી એના કરતાં ચારગણી હતી. પવિત્ર ગંગા નદીમાં સ્નાન કરવા અને કૌટુંબિક વિધી કરવા લાખો


પળે પળ રંગ બદલતા મહાકુંભમાં રોજના વીસ-પચીસ કિ.મી. ચાલી નંખાય ને છતાંય ગંગાના કિનારે તમને થાક લાગે એવું ભાગ્યે જ બને.


સાધુનો સત્સંગ... 'હર હર મહાદેવ'

લોકોએ ગંગા નદિના કિનારે ધામા નાંખેલા. શાહી સ્નાનના દિવસોમાં આ સંખ્યા કરોડોમાં વિસ્તરી જતી. મારી સાથે એક ઑસ્ટ્રેલિયન ફોટોજર્નાલિસ્ટ હતો એણે જનમેદની જોઈને મને કહ્યું 'આટલામાં આખું ઑસ્ટ્રેલિયા આવી જાય'..!!

ચારે બાજુ 'હર હર મહાદેવ'ના નારાથી વાતાવરણ ગુંજતું જ રહે. સવારના ચાર વાગ્યાથી શોરબકોર શરૂ થાય ને એ પાંચ સુધીમાં તો ઘોંઘાટમાં ફેરવાઈ જાય! 'હર હર મહાદેવ'ના સમૂહનારાની તાકાત શરીરના રુંવાડા ઊભા કરી નાંખે એવી Spiritual ને બળવત્તર.

પળે-પળે રંગ બદલાતા મહાકુંભમાં રોજના વીસ-પચીસ કિ.મી. ચાલી નંખાય ને છતાંય ગંગાના એ કિનારે તમને થાક લાગે એવું ભાગ્યે જ બને.

ચરસ-ગાંજાના ધુમાડા ને કડકડતી ઠંડીની વચ્ચે દિવસ ક્યારે સાંજ ભણી આવીને ઊભો રહી જાય એની ખબર જ જાણે ન પડે. આખો દિવસ 'ક્લીક', 'ક્લીક' કરવામાં પસાર થઈ જાય. સાધુઓના સત્સંગમાં ક્યારેક મનથી તો ક્યારેક જબરદસ્તીથી બેસવું પડે. બાવાઓના ટેન્ટમાં ઘણી વસ્તુઓ નજર ખેંચે તેવી હતી. VCD પ્લેયર્સથી લઈને હાથમાં બ્લેકબેરી કે નોકીયાનો મોબાઈલ લઈને ફરનારા બાવાઓ


રૂદ્રાક્ષને દોરામાં પરોવવામાં વ્યસ્ત સાધુ.

પણ જોવા મળ્યા. કુંભમેળામાં બીજી ધ્યાન ખેંચે એવી બાબત હતી પરદેશી પ્રવાસીઓની હાજરી. હજારોની સંખ્યામાં પરદેશી પ્રવાસીઓ હતા ને દુનિયાભરમાંથી. ફ્રાન્સ, ઇઝરાયેલ, સ્પેન ને અમેરિકાના વિશેષ પ્રવાસીઓ જોવા મળ્યા. જેમાં ફોટોગ્રાફરો, પત્રકારો, રિસર્ચરો, ચિત્રકારો વગેરે.. અનેક જુદા-જુદા ક્ષેત્રના પરદેશી પ્રવાસીઓ આપણી આ સંસ્કૃતિ જોવા ઉમટી પડેલા.

'શિવરાત્રી'ના દિવસે તમામ સાધુ-સંતોનું એક જુલુસ બનારસમાં કાશી વિશ્વનાથના મંદિરે જવા નીકળ્યું. જેમાં તમામ અખાડાના સાધુ-સંતો, બાવાઓ, તાંત્રીકો તમામ જોડાયા. ગલગોટાના હાર જટા પર લપેટીને 'હર હર મહાદેવ'ના નારા સાથે બનારસના રસ્તા ઉપર જ્યારે શોભાયાત્રા નીકળી ત્યારે સહુકોઈની આંખો ભીંજાયેલી હતી. કાશી વિશ્વનાથના મંદિરે દર્શન કરીને સાધુ-સંતો ત્રણ કલાક પછી નીકળ્યા. એ


શાહી સ્નાનના દિવસોને બાદ કરતાં ભીડની સંખ્યા પ્રસાશને ધારેલી એના કરતાં ચારગણી હતી. પવિત્ર ગંગા નદીમાં સ્નાન કરવા અને કૌટુંબિક વિધી કરવા લાખો લોકોએ ગંગા કિનારે ધામા નાંખેલા.

પછી જ મંદિર સામાન્ય જનતા માટે ખુલ્લુ મુકાયું. મંદિરમાંથી દર્શન કરીને આવતા સાધુ સંતોના અશિર્વાદ લેવા સાંકડી ગલીઓમાં લોકોએ લાઈનો લગાવી હતી. જુલુસ પૂરું થયું ને 'મહાકુંભ'ના અંતની પણ અખડાઓના સંતોએ જાહેરાત કરી. હવે ૨૦૨૪માં મહાકુંભ આવશે!! દર બાર વર્ષે યોજાતી વિશ્વની આવી એકમાત્ર ઘટના હશે નહીં? બનારસ તથા અલાહાબાદમાં સાધુઓ સાથે રહીને હાલતાં-ચાલતાં જે મે કુંભને માણ્યો એની પ્રસાદીના ભાગરૂપે અહીં કેટલીક તસવીરોનો આસ્વાદ કરાવ્યો છે. □




બાવાઓના ટેન્ટમાં ઘણી વસ્તુઓ નજર ખેંચે તેવી હતી. તો કેટલાંક બાવાઓ તેની અલગ મસ્તીમાં ડૂબેલાં જોવા મળ્યાં.

# SHYAMAL-SAUMIL

the musical odyssey

શ્યામલ–સૌમિલ મુનશી પ્રસ્તુત
હૃદયસ્પર્શી અને ચોટદાર ગઝલોની સોગાત

# રજૂઆત

## ગુજરાતી ગઝલ આલબમ



TOUCHING TUNES
music for all forever

Audio CD Available at all **Music Stores.**

સંપર્ક કરોઃ

**Marketed by**: Touching Tunes
707, Shitiratna, Avinash Vyas Chowk, Panchwati Circle, Ellisbridge, Ahmedabad-380006.
Contact us: **26561834/35** visit us at: www.shyamalsaumil.com

સંગીત અને ગાયક
**શ્યામલ-સૌમિલ**



# ૨૨ થી ૨૫ એપ્રિલ દરમિયાન કૈલાસ ગુરૂકુળમાં અસ્મિતા પર્વ યોજાશે

મહુવા માલણ નદીના કાંઠે કૈલાસ ગુરુકુળમાં મોરારિબાપુની નિશ્રામાં પ્રતિવર્ષ માફક તા ૨૨ થી ૨૫ એપ્રિલ–૨૦૧૩ સોમવારથી ગુરુવાર સુધી યોજાનારા અસ્મિતાપર્વ–૧૬માં સાહિત્ય સંગોષ્ઠી, કાવ્યાયન અને શાસ્ત્રીય સંગીત– નૃત્ય મહોત્સવ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આ પ્રમાણે છેઃ

**૨૨ એપ્રિલના કાર્યક્રમઃ**

તા. ૨૨ એપ્રિલના રોજ સવારે ૯ થી ૧૨ સાહિત્યસંગોષ્ઠી– ૧માં હર્ષદ ત્રિવેદીના સંચાલનમાં 'કવિકર્મપ્રતિષ્ઠા અને કાવ્યપાઠ' કાર્યક્રમમાં હરિકૃષ્ણ પાઠકની કાવ્ય સૃષ્ટિ–વિનોદ જોષી, કાવ્યપઠન–હરિકૃષ્ણ પાઠક, મણિલાલ પટેલની કાવ્યસૃષ્ટિ– રાજેન્દ્ર પટેલ અને કાવ્યપઠન મણીલાલ પટેલ રજૂ કરશે. બપોરે ૩.૩૦ થી ૬.૩૦ સાહિત્ય સંગોષ્ઠી–૨માં નિસર્ગ આહિરના સંચાલનમાં અશ્વિન મહેતા કૃત છબિ ભીતરની–સતીશ વ્યાસ, મધુસૂદન ઢાંકી કૃત શનિમેખલા–યજ્ઞેશ દવે, રસિક શાહ કૃત અંતે આરંભ–સુમન શાહ. જ્યારે રાત્રે ૮.૩૦ કલાકે સંગીત–નૃત્ય મહોત્સવમાં રામવાડી, તલગાજરડા ખાતે સુશ્રી શરબની મુખર્જી અને વૃંદ નૃત્યનાટિકા રજૂ કરશે.

**૨૩ એપ્રિલના કાર્યક્રમઃ**

તા.૨૩ એપ્રિલના રોજ સવારે ૯ થી ૧૨ સાહિત્ય સંગોષ્ઠી–૩માં રૂપલ માંકડના સંચાલનમાં ગ્રંથમધુ કાર્યક્રમમાં શિક્ષણનું સાહિત્ય–ચંદ્રકાંત ભોગાયતા, શિક્ષણ દ્વારા સાહિત્ય–ભદ્રાયુ વચ્છરાજાની, સાહિત્ય દ્વારા શિક્ષણ–ભરત જોષી રજૂ કરશે. બપોરે ૩.૩૦ થી ૬.૩૦ સંગોષ્ઠી–૪માં મારી કલાયાત્રા અંતર્ગત બળવંત જાનીના સંચાલનમાં ચિમનલાલ નાયક, દિવાળીબહેન ભીલ, ભીખુદાન ગઢવી પોતાની કલાયાત્રા રજૂ કરશે. સંગીત નૃત્ય મહોત્સવ રાત્રે ૮.૩૦ કલાકે ચિત્રકુટધામ ખાતે ઉસ્તાદ રશિદખાંનુ શાસ્ત્રીય કંઠ્યસંગીત રજૂ થશે.

**૨૪ એપ્રિલના કાર્યક્રમઃ**

તા. ૨૪ એપ્રિલના રોજ વિનોદ જોષીનાં સંચાલનમાં સવારે ૯ થી ૧૨ સાહિત્ય સંગોષ્ઠી–૫માં 'હું અને મારી કૃતિ' અંતર્ગત વિનોદ જોશીના સંચાલનમાં અખેપાતર–બિંદુ ભટ્ટ, ઇલેક્ટ્રીક ટ્રેઈન– ગીતા નાયક, અણસાર– વર્ષા અડાલજા રજૂ કરશે. બપોરે ૪ થી ૬.૩૦ કાવ્યાયન એષા દાદાવાલાના સંચાલનમાં કાવ્યાયન કાર્યક્રમ રજૂ થશે. જેમાં કમલ વોરા, જગદીશ દવે, પ્રીતમ લખલાણી, જયેશ ભટ્ટ, લક્ષ્મી ડોબરીયા, રમણિક અગ્રાવત પોતાની કાવ્યરચના રજૂ કરશે. સંગીત–નૃત્ય મહોત્સવ રાત્રે ૮.૩૦ કલાકે ચિત્રકુટધામ, તલગાજરડા ખાતે પંડિત એલ.સુબ્રમણયમ અને કવિતા કૃષ્ણમૂર્તિ કાર્યક્રમ રજૂ કરશે. □

## ચિત્રકુટધામ તલગાજરડા ખાતે એવોર્ડ અર્પણવિધિ


કંવલજીત સિંઘ


ઉમા શર્મા


...ની મહેતા


પ્રાણલાલ પટેલ


પ્રાણ


એલ. સુબ્રમણયમ

તા. ૨૫ એપ્રિલના રોજ સવારે ૯ કલાકે શ્રી હનુમાન જયંતિના દિવસ નિમિત્તે ચિત્રકુટધામ તલગાજરડા ખાતે છલિકલાની આજીવન સેવાના ઉપલક્ષ્યમાં પ્રાણલાલ પટેલને કૈલાસ લલિતકલા ઍવોર્ડ, પંડિત એલ. સુબ્રમણયમ, શાસ્ત્રીય વાદ્યસંગીત, ઉસ્તાદ રશીદખાં, સુશ્રી.ઉમા શર્મા– શાસ્ત્રીય નૃત્ય, વિદ્વાન ઉમિયલપુરમ કે. શિવરામન– શાસ્ત્રીય વાદ્યસંગીતને હનુમંત ઍવોર્ડ પણ અર્પણ કરાશે.

અભિનયક્ષેત્રે આજીવન સેવાના ઉપલક્ષ્યમાં સુશ્રી. દામિની મહેતા– ગુજરાતી લોકનાટ્ય (ભવાઈ), સુશ્રી વનલતા મહેતા– ગુજરાતી રંગભૂમિ, કંવલજીત સિંઘ– ભારતીય ટેલીવિઝન શ્રેણી, પ્રાણ–ભારતીય ફિલ્મને નટરાજ ઍવોર્ડ પણ અર્પણ કરાશે. ત્યારબાદ મોરારિબાપુ પ્રાસંગિક વક્તવ્ય આપશે. ઉલ્લેખનીય છે કે, આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ 'આસ્થા' ટીવી ચેનલ પરથી કરવામાં આવશે.

## ત્રણ CDનો અનોખો સંગમ 'ગઝલ ત્રિવેણી'




ભારતીય વિદ્યાભવનના ઉપક્રમે નાદશ્રી અને એન. એમ. ઠક્કરની કંપની દ્વારા ૨જી માર્ચના રોજ ચોપાટી મુંબઈ ખાતે ભારતીય વિદ્યાભવનમાં ગઝલકાર જવાહર બક્ષી રચિત ગઝલોની ત્રણ ઑડિયો સીડી 'તારા શહેરમાં', 'તારો વિયોગ' અને 'ગઝલ રુહાની'નું લોકાર્પણ તેમના ધર્મપત્ની દક્ષા બક્ષી દ્વારા કરવામાં આવ્યું હતું. આ 'ગઝલ ત્રિવેણી' પ્રસંગે દક્ષાબહેને કહ્યું હતું કે, 'હું જવાહરની સર્જન પ્રક્રિયાની સાક્ષી છું. ક્યારેક તો એ દિવસો સુધી મૌન રહે તો ક્યારેક આખી રાત વિચારતા કે લખતા રહે. એમના પર થયેલી સરસ્વતીની કૃપાની હું સાક્ષી છું.'

યુનિવર્સલ મ્યુઝિક ઈન્ડિયા દ્વારા જવાહર બક્ષીની શ્રેષ્ઠ ગઝલોની સંગીતમય–સીડી 'તારા શહેરમાં'ને 'ગોલ્ડ ડિસ્ક'નું સન્માન પણ પ્રાપ્ત થયું છે. જેની સુવર્ણ મઢેલી તકતી પણ આ કાર્યક્રમમાં એનાયત કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં જવાહર બક્ષીની શ્રેષ્ઠ ગઝલોની સંગીતમય રજૂઆત પુરુષોત્તમ ઉપાધ્યાય, આશિત દેસાઈ, હેમા દેસાઈ, આલાપ દેસાઈ, કૌમુદી મુનશી, વિરાજ–બીજલ ઉપાધ્યાય દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન, ગઝલોનું પઠન અને આસ્વાદ જવાહર બક્ષીએ કરાવ્યો હતો. ■

## ગુરુ શિષ્ય કનેક્ટ

ઑડિયન્સ સામે કેવી રીતે રજૂ થવું? તેનો સવાલ સામાન્ય રીતે નવા કલાકારના મનમાં રહેતો હોય છે. આ જ કન્સેપ્ટને લઈને અનિકેત ખાંડેકર દ્વારા 'ગુરુ શિષ્ય કનેક્ટ' નામના સુંદર કાર્યક્રમનું આયોજન ૧લી માર્ચના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં કલાની દુનિયામાં ડગ માંડતા યુવા કલાકારોએ પોતાનું કૌશલ્ય દર્શાવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન હરદ્વાર ગોસ્વામી અને આયોજન નિતી ખાંડેકર અને અનિકેત ખાંડેકર દ્વારા કરવામાં આવ્યું હતું. ■








## ▲ 'રજૂઆત'ની નવસારીમાં રજૂઆત...

શ્યામલ-સૌમિલનું પ્રથમ ગુજરાતી ગઝલ આલબમ 'રજૂઆત'ની અપ્રતિમ સફળતા બાદ 'રજૂઆત'નો કાર્યક્રમ નવસારીમાં પણ યોજાયો. નવસારીમાં રંગત સંસ્થાના ઉપક્રમે આ કાર્યક્રમ રજૂ થયો હતો. આશરે ૩૦૦ શ્રોતાઓની ઉપસ્થિતિમાં કાર્યક્રમની પ્રસ્તુતિ થઈ હતી. કાર્યક્રમમાં રજૂઆતની ગઝલ ઉપરાંત ઘણા અન્ય ગીતોની પણ પ્રસ્તુતિ કરવામાં આવી હતી. અમદાવામાં છેલ્લાં ૧૨ વર્ષથી, આણંદમાં ત્રણ વર્ષથી, મુંબઈમાં બે વર્ષથી ચાલતી 'સ્વરસેતુ' સંસ્થા દ્વારા વિવિધ વિષયવસ્તુ પર આધારિત અને નાવિન્યસભર કાર્યક્રમોની પ્રસ્તુતિ હંમેશા ભાવકોને સ્પર્શવામાં સફળ રહી છે. ◻



## ▲ વિશ્વરંગભૂમિ દિવસની ઉજવણી કરવામાં આવી

ગુજરાતી રંગભૂમિને સમૃદ્ધ બનાવવા માટે જૂની રંગભૂમિના કલાકારોનો ફાળો મહત્વનો છે. વિશ્વરંગભૂમિદિન અને અમદાવાદમાં રહીને ગ્રામ્ય સંસ્કૃતિનો અનુભવ કરાવતી હોટેલ વિશાલાની સ્થાપના દિવસની સંયુક્ત ઉજવણી ૨૮ માર્ચના રોજ કરવામાં આવી હતી. જેમાં શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને વિશાલાના માલિક સુરેન્દ્ર પટેલ દ્વારા ૮૦ કે તેથી વધુ વય ધરાવતા ૨૦થી વધુ કલાકારોનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં પી. ખરસાણી, ઉપેન્દ્ર ત્રિવેદી, અરુણ ઠાકુર,તારક મહેતા, પ્રભાબહેન પાઠક, દામિની મહેતા, સુરભી શાહ, મહિપત કવિ, કિર્તીદા ઠાકોર, જનક દવે, કાંતિ પટેલ, અભય શાહ, દિવાકર રાવલ વગેરેનો સમાવેશ થાય છે.

## ૧લી મે થી એક અઠવાડિયા સુધી રાષ્ટ્રીય પુસ્તક મેળો ▼

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા આગામી ૧લી મેથી એક અઠવાડિયા સુધી અમદાવાદના હેલ્મેટ સર્કલ પાસે આવેલા ગુજરાત યુનિવર્સિટી કન્વેશન સેન્ટર ખાતે રાષ્ટ્રીય પુસ્તક મેળાનું આયોજન કર્યું છે. આ પુસ્તક મેળામાં ૩૫૦થી વધુ બુક સ્ટોલ, ૪૦ ફૂડ સ્ટોલ રહેશે. પુસ્તક મેળા દરમિયાન કવિ સંમેલન, શતાબ્દિ વંદના, ગીત-ગઝલ, લોક-સાહિત્ય, હાસ્યકારો અને મહિલા કવિ સંમેલન અન્ય કાર્યક્રમોનું આયોજન થશે. મ્યુનિ. ગત વર્ષે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે પુસ્તક મેળાનું આયોજન કર્યું હતુ પણ તેમાં મોટા એ.સી. જેવી વિવિધ સુવિધાઓ ઉભી કરવામાં ખર્ચ વધુ થતો હતો જેના કારણે આ વખતનો પુસ્તક મેળો ગુજરાત યુનિવર્સિટી

# જન્મદિવસ




૧ મે: અદિતિ દેસાઈ (નાટ્યકલાકાર, અમદાવાદ)
૧ મે: સંદીપ ભાટિયા (કવિ, લેખક, મુંબઈ)
૧ મે: મન્ના ડે (ગાયક, મુંબઈ)
૨ મે: જગદીશ ધનેશ્વર ભટ્ટ (કવિ, ગઝલકાર, અમદાવાદ)
૩ મે: અરવિંદ વૈદ્ય (નાટ્યકલાકાર, ટી.વી.કલાકાર, મુંબઈ)
૩ મે: હેમા મહેતા (નાટ્યકલાકાર, અમદાવાદ)
૪ મે: અનંગ દેસાઈ (નાટ્ય અને ટી.વી. કલાકાર, મુંબઈ)
૪ મે: મનીત મહેતા (વાદક કલાકાર-તબલા, સાઉન્ડ રેકોર્ડિસ્ટ, ભાવનગર)
૯ મે: ધ્રુવ ભટ્ટ (કવિ, સાહિત્યકાર, આણંદ)
૯ મે: મલ્લિકા સારાભાઈ (અભિનેત્રી, નૃત્યાંગના, લેખિકા, અમદાવાદ)
૯ મે: ગુણવંત ઉપાધ્યાય (કવિ, ભાવનગર)
૯ મે: ચીકા ખરસાણી (દિગ્દર્શક, અમદાવાદ)
૯ મે: ઊર્મિલા શાહ (સાહિત્યકાર, અમદાવાદ)
૧૦ મે: મૃણાલિની સારાભાઈ (નૃત્યાંગના, અમદાવાદ)
૧૦ મે: મધુમતી મહેતા (કવયિત્રી, યુ.એસ.એ)
૧૨ મે: અભિજિત રાવ (ગાયક, અમદાવાદ)
૧૨ મે: ધૈર્યબાળા વોરા (સાહિત્યકાર, મુંબઈ)
૧૩ મે: મનહર ઉધાસ (ગાયક, મુંબઈ)
૧૩ મે: આનંદકુમાર સી. (ગાયક, મુંબઈ)
૧૪ મે: તલત અઝીઝ (ગાયક, મુંબઈ)
૧૫ મે: ડીમ્પલ પંચોલી (ગાયિકા, અમદાવાદ)
૧૬ મે: કોષા પંડ્યા (ગાયિકા, અમદાવાદ)
૧૬ મે: ધીરેન અવાશિયા (પત્રકાર, સાહિત્યકાર, અમદાવાદ)
૧૬ મે: નરેશ કનોડિયા (મહેશ-નરેશ) (અભિનેતા, મુંબઈ)
૧૮ મે: નિરંજન ભગત (સાહિત્યકાર, અમદાવાદ)
૧૭ મે: પ્રીતિ સેનગુપ્તા (કવયિત્રી, પ્રવાસ લેખિકા, યુ.એસ.એ)
૧૭ મે: પંકજ ઉધાસ (ગાયક, મુંબઈ)
૧૭ મે: કુમુદિની લાખિયા (નૃત્યાંગના, મુંબઈ)
૧૮ મે: અભિલાષ ઘોડા (નાટ્યકલાકાર, અમદાવાદ)
૧૮ મે: શ્રુતિ મોદી (ગાયિકા, અમદાવાદ)
૧૯ મે: અર્ચન ત્રિવેદી (નાટ્યકાર, અમદાવાદ)
૧૯ મે: નીતિ ખાંડેકર (વાદક કલાકાર-કીબોર્ડ, અમદાવાદ)
૨૧ મે: આશિષ કક્કડ (દિગ્દર્શક, કલાકાર, અમદાવાદ)
૨૭ મે: ધર્મેશ વ્યાસ (અભિનેતા, મુંબઈ)
૩૦ મે: ભાર્ગવ નરેન્દ્ર ત્રિવેદી (કલાકાર, વડોદરા)

# સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટનું લવાજમ ભરી.


# સૂર શબ્દની સાથે જોડાવ...




- તમે એક પણ અંક ચૂકી ન જાવ તે માટે આજે જ લવાજમ ભરો.
- વાર્ષિક લવાજમ ભરી ૩૫%થી વધુ વળતર મેળવો.
- લવાજમ ભરી આપની કોપી આપના ઘેર સુવિધાપૂર્વક મેળવો.

વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક

સ્વરસેતુ
ન્યૂઝ ડાયજેસ્ટ







સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન, અવિનાશ વ્યાસ ચોક, (પંચવટી), એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬, ટેલિફેક્સ : (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫
Email : swarsetu@yahoo.com

| એક વર્ષનું લવાજમ : | બે વર્ષનું લવાજમ : | ત્રણ વર્ષનું લવાજમ : |
|---|---|---|
| ₹ ૩૦૦ (૧૨ અંક) | ₹ ૬૦૦ (૨૪ અંક) | ₹ ૯૦૦(૩૬ અંક) |

## આટલી વિગત ભરી ઘરે મંગાવો સ્વરસેતુ

હું....................................................................સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટના એક વર્ષ / બે વર્ષ / ત્રણ વર્ષ લવાજમ પેટે ₹........................મોકલી આપુ છું,

નામ :-....................................................................................................................................................

સરનામું :-..............................................................................................................................................

..................................................................................................................................................................

ટેલિફોન નંબર :-....................................................મોબાઈલ નંબર :-..........................................ઈ-મેઈલ :-......................................................

ચેક/ડી.ડી નંબર :-.........................................બેંક :-......................................................................તારીખ :-..........................

( લવાજમની રકમ રોકડથી, ચેક, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી, મનીઓર્ડર કે ડ્રાફ્ટ
WONDER WAVES ENTERTAINMENT PVT. LTD. ના નામે લખવો.

સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટ મેગેઝીનનું લવાજમ તમે તમારા મિત્રો, સગા, સ્નેહીઓને ભેટ પણ કરી શકો છો, આ માટે અમને અલગથી સૂચના આપવી.





બાળક એ

# અમૂલ્ય ભેટ છે તમારા જીવનની.

# દીકરો હોય કે દીકરી,

## ખુશીથી અપનાવો. બેટી વધાવો.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય.

બેટી વધાવો

"Registered under RNI No. GUJGUJ/2011/44495. Permitted to post at Ahmedabad PSO on 14th date of Every Month under Postal Regd. No. GAMC 1833/2012 - 2014 Valid Up to 31/12/2014. Published on dated 10th . Posted on every month.




AHMEDABAD : C.G. Road
T : +91-79-26426868
E : zaveri@zaveriandco.com

AHMEDABAD: Shivranjani Cross Road
T : +91-79-26926241
E : shivranjani@zaveriandco.com

SURAT : Ghoddod Road
T : +91-261-2652323
E : surat@zaveriandco.com

Web : www.zaveriandco.com www.facebook.com/zaverico www.twitter.com/zaverico www.zaverico.blogspot.com www.pinterest.com/zaverico